


સ્વર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં, સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;
વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા, તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો...


| | | |
|---|---|---|
| ડીસેમ્બર | * આત્મધર્મ * | અંક : ૬ |
| ૧૯૮૧ | [ ૪૫૮ ] | વર્ષ : ૩૮ |



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) આ જગતમાં અનંત જીવ એવા છે કે જેને દ્વીન્દ્રિયાદિ સ્વરૂપની પ્રાપ્તિ કદી થઈ નથી. મિથ્યાત્વાદિ ભાવકલંકથી ભરેલ જીવ સર્વ કાળ નિગોદવાસને છોડતાં નથી. સૂક્ષ્મ વનસ્પતિરૂપથી રહેલ એવા જીવ અનંત છે. (આ સંસારમાં જીવને ત્રસપણું પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે.) (શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-અનુપ્રેક્ષા અધિકાર. ગાથા-૧૮૭)

(૨) જે તત્ત્વ જ્ઞાનરૂપ છે. પરમ મુનિગણો જેનું ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે. જે તત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણ લોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં સ્થિત છે. જે તત્ત્વ દિવ્ય કેવળજ્ઞાન આદિ શરીરરૂપ છે. અને જે તત્ત્વ શાંત જીવમાં સિદ્ધ (પ્રાપ્ત) થાય છે. જે તત્ત્વ જેના નિજ મનમાં શુદ્ધ પ્રકાશમાન થાય છે તે જીવ મુક્તિને પામે છે.

(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મ પ્રકાશ : અધ્યાય—૨, ગાથા-૨૧૩)

(૩) મનુષ્યને નિદ્રારૂપ અંધકાર સમાન અન્ય કોઈ અંધકાર નથી. એમ જાણી હે ભવ્ય! તું ધ્યાનમાં વિઘ્ન કરનાર નિદ્રા ઉપર વિજય મેળવ.

(શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૪૪૭)

(૪) જ્યાં સુધી મરણરૂપી વજ્ર વડે આ શરીરરૂપી પર્વતનું પતન કરવામાં ન આવે ત્યાં સુધીમાં કર્મરૂપી શત્રુઓનો નાશ કરવામાં મન લગાવવું જોઈએ. (શ્રી કુલભદ્ર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક-૧૨૮)

(૫) જે મહાત્માઓનું ઘર જંગલ છે. અંધકારને નાશ કરવાવાળો દીપક ચંદ્રમા છે. ઉત્તમ ભોજન, ભીક્ષા દ્વારા પ્રાપ્ત, હાથમાં રાખેલું ભોજન છે. સૂવાનો પલંગ ભૂમિ છે. તથા કપડા દિશાઓ છે. તે સંતોષરૂપી અમૃતના પાનથી પોતાના જ્ઞાનરૂપી શરીરને પુષ્ટ કરવાવાળા સાધુ કર્મોને ધોઈને, બીજા દીન પુરુષોથી અપ્રાપ્ય એવા સર્વ આપત્તિઓથી રહિત નિરાકુલ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરે છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વ ભાવના, શ્લોક-૨૪)

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૧
[ ૪૫૮ ]




વીર
સંવત
૨૫૦૮
A.D. 1981
DEC.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી શ્રોતાઓએ સાંભળેલા કેટલાક

# * મંગલ સૂચક સ્વપ્ના *

* વિ. સં. ૧૯૭૧માં વેજલકા ગામે રાત્રિના સ્વપ્ન આવ્યું હતું, જેમાં આખું આકાશ શાસ્ત્રો લખેલાં પાટિયાંઓથી ભરેલું હતું....(શું આગમ મંદિરનો સંકેત હતો?....)

* એક રાત્રિના સ્વપ્નમાં આખું આકાશ છકુના અસંખ્યાત ચંદ્રમાંઓથી છવાયેલું દેખ્યું હતું.

* દીક્ષા લીધા પછી, એકવડિયો ઊંચા દેહવાળો અને ઝરીવાળા કપડાં પહેરેલ રાજકુમાર વારંવાર સ્વપ્નમાં આવતો. પરંતુ તે કોણ છે તે ખબર પડતી નહીં. પછી જ્યારે ભગવતીમાતા પૂજ્ય બેનશ્રી ચંપાબેનને સાતિશય જાતિસ્મરણ થયું અને વાત થઈ ત્યારે ખબર પડી કે પોતે (પૂજ્ય ગુરુદેવ) ભૂતકાળના ભવમાં મહાવિદેહમાં ફતેહકુમાર નામના રાજકુમાર હતા.

* પૂજ્ય ગુરુદેવશ્રીને આવેલ એક સ્વપ્ન તેમના જ શબ્દોમાં:—

ૐ સહજસ્વરૂપ પરમ સદ્ગુરુવે નમઃ

આસો સુદ–પાંચમ, રાત્રે શ્રીમદ્ (રાજચંદ્ર) આવી મારી પાસે બેઠા હતા. મારી સામું જોઈ રહ્યા હતા.

આસો સુદ નોમ, મંગળવારની રાતના ૧૧ વાગ્યે અમૃત ચોઘડીયે (શ્રીમદ્ રાજચંદ્ર) મારી પાસે આવી મારા મોઢામાં પાણીની ત્રણ ચમચી અનુક્રમે નાખી....તે ત્રણે ચમચીનું પાણી મોઢામાં એકઠું કરી પછી પી ગયો, તરત જાગૃત થયો....

અદ્ભુતતા લાગી....

☀ ૨૦૦૯ના માગસર સુદ એકમે રાત્રિના સ્વપ્નમાં પૂજ્ય ગુરુદેવે શ્રી સીમંધરનાથના અદ્ભુત દિવ્ય દેદાર દેખ્યા હતા. (બરાબર તે દિવસે શ્રી માનસ્થંભમાં ભગવાનની બેઠકનું સ્થાપન થયું હતું.)

☀ પૂજ્ય ગુરુદેવશ્રીને ૨૦૧૭ના જેઠ સુદ ૮ ને બુધવારે રાતના લગભગ ૧૦-૪૫ પહેલાં આવેલું સ્વપ્ન :—'શ્રી કુંદકુંદાચાર્ય આવ્યા છે. સાક્ષાત્ કુંદકુંદાચાર્ય આવ્યા છે. ચાલો રે ચાલો....બધા ત્યાં જઈએ....દર્શન કરવા જઈએ' આમ બધાને ભેગા કરવાનો તથા કપડાં પહેરી તૈયાર થવાનો કોલાહલ-શોરબકોર થઈ રહ્યો છે, પૂજ્ય ગુરુદેવના અંદર આત્મામાં ઘણો જ આનંદ આવી ગયો છે. ખૂબ જ ઉલ્લાસ આવી ગયો છે. અંદરમાં રોમ રોમ ઉલ્લસી ગયા છે. જાણે કે અંદરમાં કોઈ ચમક આવી ન હોય? કોઈ ચમત્કાર થયો હોય એવો અતિશય આહ્લાદ-આનંદ થયો છે. સ્વપ્નમાં વિચાર આવ્યો કે કુંદકુંદાચાર્ય અહીં કેવી રીતે! અહીં ક્યાંથી! શું લબ્ધિ પ્રગટી હશે!!! તે ઉપરથી જાણે મહાવિદેહમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય તે પ્રસંગનો ભાવ લાગતો હતો. પૂજ્ય ગુરુદેવને પોતાના શરીરની ઊંચાઈ વગેરે વર્તમાન દેહ જેવું ભાસતું હતું અને ભાવ વિદેહક્ષેત્રમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય એવો લાગતો હતો. શ્રી કુંદકુંદાચાર્ય બહાર વનમાં છે. ત્યાં સાક્ષાત્ બિરાજે છે....સાક્ષાત્ પધાર્યા છે અને તેમના દર્શન કરવા જવું છે. તેનો પૂજ્ય ગુરુદેવશ્રીને કોઈ અવર્ણનીય ખૂબ જ ઉલ્લાસ-આનંદ હતો. તે ઉલ્લાસ ને ઉલ્લાસમાં આંખ ઉઘડી ગઈ....

જેઠ સુદ નોમને ગુરુવારે આ સ્વપ્નાની વાત કરતાં કહ્યું કે સ્વપ્નામાં કોઈ અનેરો ઉલ્લાસ હતો. જે વનમાં કુંદકુંદાચાર્ય દેવ આવ્યા હતા તે વન બહુ મોટું અને મનહર હતું. તે આ (સોનગઢ) ગામ નહોતું પણ કોઈ મોટું નગર હતું. તે નગર વિદેહનું હતું કે અહીંનું તેનો બહુ ખ્યાલ નથી આવ્યો. તોપણ વિદેહનું હોય તેવો ભાસ થતો હતો. હાલમાં કુંદકુંદાચાર્યદેવ સંબંધી કોઈ વિચારો કે એવું કાંઈ આવ્યું નથી. આવું સ્વપ્નું અચાનક કુદરતે આવ્યું છે. આવું આનંદ ઉલ્લાસ ભર્યું સ્વપ્ન પહેલાં કદી નથી આવ્યું. આ સ્વપ્ન નીકટતા બતાવે છે. આ સ્વપ્ન જરૂર કાંઈક સૂચક છે.

☀ ૨૦૨૦ પોષ સુદ દસમે સ્વપ્નામાં બાહુબલી ભગવાનના દર્શન કર્યા.

☀ એકવાર સ્વપ્નામાં ઉછળતો દરિયો દેખાયેલો. પણ જેવા તેઓશ્રી (પૂજ્ય ગુરુદેવશ્રી) દરિયાની નજીક ગયા કે તરત જ કુદરતે તેના બે ભાગ પડી ગયા અને વચ્ચે રસ્તો થઈ ગયો....

☀ ૨૦૨૩ મહા સુદ એકમની રાત્રે સ્વપ્ન આવ્યું. જેમાં ગારૂડી સર્પના દર પાસે એવી કોઈ વનસ્પતિ મૂકે છે કે સર્પ બહાર આવીને ઝેર ઓકી જાય છે.

✺ ૨૦૨૩ના શરદપૂર્ણિમાની રાત્રે સ્વપ્નમાં ખડ્ગાસન ભગવાનના દર્શન કર્યા. સ્ફટિક જેવા સ્વચ્છ અને જાણે કે અખંડ સાકરના ગાંગડામાંથી બન્યા ન હોય? તેવા ભગવાન હતા.

✺ ૨૦૨૫ની સાલમાં એકવાર સ્વપ્નમાં એવું આવ્યું કે આકાશમાંથી એક બંધ કવર પૂજ્ય ગુરુદેવના ખોળામાં આવ્યું. તેમાં શું છે તે જોવા કવર ઉઘાડે છે ત્યાં તો આંખ ઉઘડી ગઈ... (જાણે કે ભગવાનનો કોઈ દિવ્ય સંદેશ ન હોય!)

✺ તા. ૮-૧-૭૯ના રોજ જ્ઞાયકમાં બધું જ સમાય જાય છે. પરનો કર્તા નથી, રાગનો અકર્તા છે વગેરે બધા જ સિદ્ધાંતો તેમાં આવી જાય છે. આમ સભામાં પૂજ્ય ગુરુદેવ પ્રતિપાદન કરે છે.'—તેવું સ્વપ્ન વહેલી સવારે આવ્યું.

✺ ૨૦૩૬ના ફાગણ વદ ૧૩ની પાછલી રાત્રે સુરેન્દ્રનગરમાં એવું સ્વપ્ન આવ્યું કે પૂજ્ય ગુરુદેવશ્રી સ્વાધ્યાય મંદિરના શ્રી સમયસારજીના ગોખલા આગળ ઊભા છે અને તેમાંથી અવાજ આવ્યો કે 'જિનવાણી જયવંત વર્તો....જિનવાણી જયવંત વર્તો.... જિનવાણી જયવંત વર્તો.'

✺ મહાવિદેહનું સમવસરણ અહીં આવે તો....? તેવો ભાવ તા. ૨૩-૩-૮૦ના રોજ આવ્યો. અહા! મહાવિદેહ યાદ આવતાં રોમ રોમ ખડા થઈ જાય છે, આંખમાં આંસુ આવે છે. અહા! કુંદકુંદાચાર્ય સદેહે ત્યાં ગયા હતાં પરંતુ અમે...(તો જઈ શકતા નથી.) અને ભારતનો માનવી ત્યાં ગયો હતો. પણ શું ત્યાંથી કોઈ અહીં આવે?

✺ ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં....આમ પૂજ્ય ગુરુદેવશ્રી ઘણી વાર કહેતાં હતા તે ઉપરથી એકવાર સ્વપ્નમાં આવ્યું કે ગુણવંતા પરમાત્મા અમૃત વરસ્યા રે પંચમકાળમાં....

## * શુદ્ધ જીવવસ્તુનો અનુભવ : ચૈતન્ય ચિંતામણિરત્ન *

અહો! અતીન્દ્રિય આનંદનો નાથ મારે હાથ આવ્યો, અતીન્દ્રિય આનંદની ભરતી આવી, અતીન્દ્રિય આનંદમાં રહેનારો હું એવા મને અન્ય પરિગ્રહથી શું કામ છે? અતીન્દ્રિય આનંદના વેદન પાસે શુભરાગના દુઃખનું મારે શું કામ છે? દયા-દાન-વ્રતાદિના બાહ્ય વિકલ્પોથી મારે શું કામ છે? આ જીવ છે, આ જડ છે, આ વ્રતાદિના વિકલ્પો છે, આ ગુણભેદ છે—એવા વિકલ્પોનું મારે શું કામ છે? મારા દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એ જ મારી કાર્યસિદ્ધિ છે. શુદ્ધ જીવવસ્તુનો અનુભવ એ ચૈતન્ય ચિંતામણિરત્ન છે, એની પ્રાપ્તિ થયા પછી અન્ય વિકલ્પાદિ પરિગ્રહથી મારે શું કામ છે? —એમ સમ્યગ્દૃષ્ટિ અંદરમાં દેખે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# હે મોક્ષાર્થી! તારા આત્મામાં ને જિનેન્દ્રમાં કિંચિત્ ભેદ ન જાણ!

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૪-૬-૬૬ ]

આ યોગસાર શાસ્ત્ર છે. આત્માનું હિત જેમાંથી પ્રગટ થાય એવો જે પોતાનો આત્મા તેની એકાગ્રતાનો જે ભાવ તે યોગ છે અને તે યોગથી જે વીતરાગતા પ્રગટ થાય તે યોગસાર છે. અહીં આપણે ૧૯મી ગાથા ચાલી રહી છે.

જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ,
તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯.

## * શુદ્ધ ભાવે જિનેન્દ્રનું સ્મરણ કરો *

શુદ્ધ ભાવે જિનેન્દ્રનું સ્મરણ કરો એટલે શું?-જિનેંદ્ર એટલે જે પૂરણ પરમાત્મા થઈ ગયા એવો જ આ આત્મા જિનેન્દ્ર છે; એ જિનેન્દ્રનું શુદ્ધભાવથી સ્મરણ કરવું એટલે કે રાગ વિનાની વીતરાગી દશા દ્વારા ભગવાન આત્માનું સ્મરણ કરવું.

રાગનો આશ્રય એ કાંઈ જિનેન્દ્રનું સ્મરણ નથી, એ તો વિકારનું સ્મરણ છે. પુણ્ય-પાપના રાગમાં તો જિનેન્દ્રથી વિરુદ્ધ વિકારભાવનું સ્મરણ કર્યું, તેથી તેને સંસાર અનાદિ જેમ છે તેમ રહે છે. ભાઈ! તારે એ સંસારનો અંત લાવવો હોય, સુખી થવું હોય તો જિનેન્દ્રનું સ્મરણ કરવું-એટલે કે જિનેન્દ્ર સમાન તારો સ્વભાવ છે તેનું સ્મરણ કરવું. એ સ્મરણ ક્યારે કરી શકે?-કોણ કરી શકે? -કે પહેલાં નિર્ણય કર્યો હોય કે હું પોતે પરિપૂર્ણ પરમાત્મા છું, મારા સ્વભાવમાં પૂર્ણાનંદ ને પૂરણ નિર્દોષતા ભરી પડી છે—આમ જેને શ્રદ્ધામાં ધારણામાં આવ્યું હોય એ જિનેન્દ્રનું સ્મરણ કરી શકે.

જેનો જેને પ્રેમ હોય તેનું તે સ્મરણ કરે. લગ્નની ધમાલમાં પણ અરે! મોટીબેન ને ભાણીયા ન આવી શક્યા-એમ ઓરતો કરે-યાદ કરે: કેમ કે પ્રેમ છે ને! એટલે લગ્નની ધમાલમાં પણ સ્મરણ કરે! તેમ શુદ્ધ અખંડાનંદ પરમાત્માનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે—એમ નિર્ણયમાં આત્માનો જેને પ્રેમ જાગ્યો હોય તે તેનું વારંવાર સ્મરણ કરે.

જેણે નિર્ણય કર્યો છે કે પૂરણ શુદ્ધ આનંદસ્વરૂપ પરમાત્મા હોય છે, તેને એવો નિર્ણય આવે કે હું પોતે વસ્તુ તરીકે પરમાત્મા છું, મારું સ્વરૂપ જ વીતરાગ બિંબ

છે. વસ્તુમાં સદોષતાનો અંશ નથી કે અપૂરણતા નથી, એવી મારી વસ્તુ છે-એવો જેણે જ્ઞાનમાં નિર્ણય કરીને અનુભવ કર્યો છે કે આ વસ્તુ આમ જ છે, એને વારંવાર એ વસ્તુ સ્મરણમાં આવે છે.

સંસારના ભોગમાં, પૈસા કમાવા આદિમાં કેવી હોંશ આવે છે?-કેમ કે અજ્ઞાનમાં એને એનો પ્રેમ છે ને! માને ભલે મજા પણ અત્યારેય દુઃખી છે ને ચાર ગતિમાં રખડવાનો છે. આમ કમાવું, આમ પરણવું, આનું આમ કરવું—એમ કષાયમાં હોંશ કેટલી છે!-એ તો એકલા દુઃખની ઘાણીમાં પીલાઈ રહ્યો છે.

અહીં તો એમ કહે છે કે જેનો જેને પ્રેમ તેને તે વારંવાર સંભાર્યા કરે ને તેમાં તેનું ઉલ્લસિત વીર્ય કામ કર્યા કરે છે. પરનું કાંઈ કરતો નથી પણ આનું આમ કર્યું ને તેમ કર્યું—એમ એનું ઉલ્લસિત વીર્ય ત્યાં કામ કર્યા કરે છે. રુચિ અનુયાયી વીર્ય. જેની જેને રુચિ તેનું વીર્ય ત્યાં કામ કર્યા વિના રહે નહીં, તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા, તેનું વીર્ય જ્યાં રુચિ હોય ત્યાં કામ કર્યા કરે.

એમ જેને આ આત્મા સુખી કેમ થાય-એવી જરૂરીયાત જણાય, આ આત્માની દયા આવે કે અરે આત્મા! અનંત કાળથી ૮૪ લાખ યોનિના અવતારમાં ક્યાંય કોઈ શરણ નથી, ક્યાંય કોઈ આધાર નથી, એકલો દુઃખી થઈને તરફડે છો, તરફડે છો!-એમ એને દયા આવવી જોઈએ કે અરે આત્મા! તને કાંઈક સુખ થાય એવો રસ્તો લે ભાઈ! તું જિનેન્દ્રસ્વરૂપી છો—એમ શ્રદ્ધા-જ્ઞાનમાં લે. એમ જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું છે તે વારંવાર જિનેન્દ્રનું સ્મરણ કરે છે.

ભાઇ! વસ્તુ સ્વરૂપ પૂર્ણાનંદની મૂર્તિ છે, એના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેનું વારંવાર સ્મરણ કરતાં એટલે કે એકાગ્રતા કરતાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. તેથી અહીં કહે છે કે જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો. હું પોતે વીતરાગ પરમાત્મા છું એમ સ્મરણ કર, ચિંતવન કર ને એમાં ને એમાં એકાગ્રતા કર.

ત્રસની સ્થિતિ તો બે હજાર સાગરની છે, પછી તો એકેન્દ્રિયની લાંબી સ્થિતિએ આત્મા ચાલ્યો જાય. કેમ?-કે જિનેન્દ્ર સ્વરૂપી આત્માના સ્મરણ ને ધ્યાનના અભાવને લઈને વિકારના સ્મરણ ને ધ્યાનને લઈને ત્રસની સ્થિતિ પૂરી કરીને નિગોદમાં અનંતકાળ ચાલ્યો જશે.

અરે આત્મા! તું પરમાત્મા છો ને આ પરિભ્રમણના પંથે ક્યાં ચઢી ગયો! પરિભ્રમણના પંથનો અભાવ કરવાની તારામાં તાકાત છે. અરિહંત પરમાત્માએ ભવનો અભાવ કર્યો છે ને એ ભવનો અભાવ કરવાની તાકાતવાળો હું આત્મા છું—એમ પલટો માર.

## * ક્ષણમાં કેવળજ્ઞાન લઈ શકે એવો તુ છો *

હવે કહે છે કે એક ક્ષણમાં કેવળજ્ઞાન લઈ શકે એવો આત્મા છે. એક ક્ષણમાં કરોડો રૂપિયાનો બંગલો બાંધવો હોય તો બાંધી ન શકે પણ એક ક્ષણમાં કેવળજ્ઞાનરૂપી બંગલો પ્રગટ કરી શકે એવો તૈયાર પરમાત્મા છે. ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ, જ્ઞાનસૂર્ય, વીતરાગ સ્વરૂપી છે, તેનું ધ્યાન કરતાં—તેને ધ્યેય બનાવીને તેમાં લીન થતાં ક્ષણમાં કેવળજ્ઞાન પામે—સાદિ અનંતકાળ રહે એવું કેવળજ્ઞાન ક્ષણ એકમાં પામે–એવો આત્મા પોતે છે, પણ એની સામે એણે કદી જોયું નથી.

ભગવાન આત્માને રુચિમાં લઈ, જ્ઞાનમાં એને જ્ઞેય બનાવીને, તેનું સ્મરણ, ચિંતવન કરે ને તેમાં ઠરે તો ક્ષણમાં કેવળજ્ઞાન પામે અને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રના અંશમાં જેટલો સ્વરૂપમાં ઠરે એટલો આનંદનો સ્વાદ આવે. એ આનંદના સ્વાદીયા સમ્યગ્દષ્ટિ જગતને એમ જુએ છે કે અહો! આ બધા પરમાત્મા પ્રભુ છે, એની ભૂલ છે તે એક સમયની છે. તેથી કોઈ આત્મા પ્રત્યે સમ્યગ્દષ્ટિને વિષમભાવ થતો નથી. બધા આત્માઓ પરમાત્મસ્વરૂપે પરમાત્મા છે. એક સમયની વિકૃત દશા છે, એ વિકૃત દશાને જેણે સ્વભાવના આશ્રયે તોડીને જિનેન્દ્રસ્વરૂપે પોતે છે એમ જાણ્યો–માન્યો એ બધા આત્માને એવા જ સ્વભાવે જુએ છે એટલે કોને કહેવા નાના ને કોને કહેવા મોટા?

જેની શ્રદ્ધામાં વીતરાગ સ્વભાવી આત્માની કિંમત થઈ છે ને વારંવાર એ કિંમતી ચીજને યાદ કરીને સ્મરણ કરીને ઠરે છે, તે જો અલ્પકાળ ઠરે તો તેટલો આનંદ આવે છે ને વિશેષ ઠરે તો અલ્પકાળમાં કેવળજ્ઞાન પામે છે, ક્ષણમાત્રમાં પરમાત્મા થઈ જાય.

વીતરાગ સ્વરૂપ પરિપૂર્ણ ભગવાન આત્મા છે એમ વિશ્વાસ કરે, મારું પરમપદ નિજાનંદસ્વરૂપે ત્રિકાળ બિરાજમાન છે એવો જેને અંતર રુચિપૂર્વક જ્ઞાન થઈને વિશ્વાસ આવ્યો ને એની જ્યાં લગન લાગી ને અંદર ઠર્યો ત્યાં ક્ષણમાં પરમાત્મા! સાદિ અનંત સિદ્ધ દશા! પરમાત્મા સમાન છું...પરમાત્મા સમાન છું....પરમાત્મા છું.... પરમાત્મા છું—એમ ધ્યાન કરતાં કરતાં પરમાત્મા પોતે થઈ જાય છે. હું રાગી છું.... હું રાગી છું....હું રાગનો કર્તા છું—એમ કરતાં કરતાં મૂઢ થઈ જાય છે. રાગનો કર્તા ને પરનો કર્તા આત્મા નથી, જો કર્તા હોય તો તન્મય થઈ જાય. પણ એ રૂપે આત્મા થયો જ નથી. એવો ભગવાન આત્મા વીતરાગ સ્વરૂપી પરમપદનું કારણ છે. ૧૯.

હવે કહે છે કે પોતાના આત્મામાં ને જિનેન્દ્રમાં ફેર નથી. એક સમયની દશામાં વિકાર છે એ કાંઈ અસલી આત્મા નથી. એક સમયની અલ્પજ્ઞ દશા, વર્તમાન પર્યાય ને રાગ એ કાંઈ આત્માનું અસલી સ્વરૂપ નથી. એ તો વિકૃત ને અપૂર્ણરૂપ છે. ભગવાન આત્મામાં એક સમયમાં ત્રણ પ્રકાર છે. પુણ્ય–પાપની વિકૃત દશા અને તેનાથી મને

લાભ થાય એવી ભ્રાંતિ એ એક પ્રકાર છે. તેને જાણનારી વર્તમાન પર્યાય અલ્પજ્ઞતા તે બીજો પ્રકાર છે અને એ વિકૃત તથા અલ્પજ્ઞદશા વખતે જ પૂરણ શુદ્ધ પવિત્ર સર્વજ્ઞ સ્વરૂપ તે ત્રીજો પ્રકાર છે. એક સમયની પર્યાયમાં અલ્પજ્ઞતા છે ત્યારે પોતે સર્વજ્ઞ છે, પર્યાયમાં જ્યારે રાગાદિ ભાવ છે ત્યારે પોતે વીતરાગનું બિંબ છે. આવો આત્મા–સર્વજ્ઞ સ્વરૂપી વીતરાગ બિંબ ભગવાન આત્મા અને જિનેન્દ્રમાં ભેદ નથી. જિનેન્દ્ર ભગવાનના દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે અને એવા જ મારા દ્રવ્ય–ગુણ શુદ્ધ છે, જિનેન્દ્ર દેવની પર્યાય અપૂર્ણની પૂર્ણ થઈ ગઈ ને વિકારની અવિકારી વીતરાગી પર્યાય થઈ ગઈ––એ પોતાના ત્રિકાળ પરમાત્મસ્વરૂપના આશ્રયે થઈ છે અને એવી જ સર્વજ્ઞતા ને વીતરાગતા મારા ત્રિકાળી સ્વરૂપમાં ભરી પડી છે.

જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;
મોક્ષાર્થે હે યોગીજન! નિશ્ચયથી એ માન ૨૦.

આહાહા! આમાં તો એકલા માખણ ભર્યાં છે. ગળ્યા સાટા પીરસ્યાં છે! દાંત વિનાના છોકરાય ખાય, દાંતવાળા છોકરાય ખાય, યુવાન પણ ખાય ને વૃદ્ધો પણ ખાય—એવા સાટા પીરસ્યાં છે!

હે યોગી! એટલે કે જેને પોતાના સ્વરૂપની કિંમત ભાસી છે એવા હે યોગી! પોતાના આત્મામાં ને જિનેન્દ્રમાં કોઈ ભેદ ન સમજો. અંતર વલણમાં જ્યાં વીતરાગી ચૈતન્યની કિંમત થઈ છે, રાગના ભાવથી જ્યાં ભગવાન આત્માને જુદો જાણ્યો છે, એવા હે યોગી! આત્મામાં ને પરમાત્મામાં જરીયે ભેદ ન જાણ.

સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ દેવ પોતાના જ્ઞાનમાં જ્ઞાનથી બધું જેમ ભિન્ન છે તેમ જાણે છે—એ સર્વજ્ઞમાં ને તારામાં કાંઈ ફેર નથી. તું પણ જાણનાર જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ છો. સર્વજ્ઞદેવ સર્વજ્ઞની પર્યાય દ્વારા જાણે છે ને તું અલ્પજ્ઞ પર્યાય દ્વારા સર્વજ્ઞપદને લક્ષમાં લઈને જાણવાનું કામ કરે છે. માટે સર્વજ્ઞમાં ને તારામાં કાંઈ ફેર નથી.

વસ્તુસ્વભાવ જ એવો છે માટે તારામાં ને સર્વજ્ઞમાં ભેદ ન જાણ, જુદા ન પાડ! સમ્યગ્જ્ઞાનદીપિકામાં કહ્યું છે કે એક ક્ષણ પણ સિદ્ધ પરમાત્માથી જુદા પાડે તે મિથ્યાદૃષ્ટિ સંસારી છે. કેમ?–કે એક ક્ષણ પણ જે સિદ્ધ પરમાત્માથી પોતાને જુદો માને છે તેણે રાગને વિકલ્પની એકતા માની છે, રાગનો ને પરનો કર્તા થઈને ત્યાં રોકાયો છે. તેથી વીતરાગ પરમાત્માથી એક ક્ષણ પણ જુદો રહ્યો તો મૂઢ મિથ્યાદૃષ્ટિ સંસારી નિગોદગામી છો!

સર્વજ્ઞ જિનેશ્વરદેવ પણ જાણે....જાણે........ને જાણે....ભલે પૂરણ પર્યાય દ્વારા જાણે પણ જાણે....જાણે ને જાણે છે અને તું અલ્પજ્ઞ પણ પૂરણ સ્વભાવના આશ્રયે જાણે છે. જેમ જિનેન્દ્ર પણ રાગાદિના કર્તા નથી તેમ તું પણ રાગાદિ આવે તેનો કર્તા

નથી—જિનેન્દ્રદેવને રાગાદિ છે નહીં ને કર્તા નથી અને અહીં નીચલી ભૂમિકામાં રાગાદિ છે પણ તારા સ્વરૂપમાં નથી ને રાગનો કર્તા છો જ નહીં. માટે કહે છે કે જિનેન્દ્રમાં ને તારા સ્વરૂપમા કાંઈ પણ ભેદ ન જાણ! જુદા ન પાડ!

સર્વજ્ઞ પરમાત્માથી પોતાને જુદો જે પાડે તે રાગનો કર્તા થાય છે, તે આત્મા રહેતો નથી. જેમ જેના અન્ન જુદા તેના મન જુદા, તેમ પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર સ્વરૂપી હું આત્મા છું.—એવી જેને અંતરમાં પ્રતીત થઈ છે તેણે આત્મા રાગવાળો માન્યો નથી તેથી તે પરમાત્માથી જુદો પડયો નથી. પરંતુ જેણે પોતાને પરમાત્માથી જુદો પડયો છે તે રાગ મારો ને પર મારા એમ પરમાત્માથી જુદો પડીને પરમાં—ચાર ગતિમાં રખડશે.

## * નિશ્ચયથી મોક્ષનુ સાધન *

નિશ્ચયથી મોક્ષનું સાધન આ છે, બીજું કાંઈ નિશ્ચયથી મોક્ષનું સાધન નથી. વીતરાગ પરમાત્માનો જેવો સ્વભાવ છે તેવો જ મારો સ્વભાવ છે એમ પ્રતીતિ કરીને તેના ધ્યાન વડે અંતરમાં એકાગ્ર થવું એ જ મોક્ષનું સાધન છે, એ સિવાય મોક્ષનું કોઈ બીજું સાધન નથી. મોક્ષસ્વરૂપે પણ પોતે છે અને મોક્ષનું સાધન પણ પોતે છે.

વ્યવહારરત્નત્રય મોક્ષનું સાધન છે કે ગુરુ મોક્ષનું સાધન છે—એ બધું કાઢી નાખ્યું! એક જ મોક્ષનું સાધન છે કે પરમાત્માને ને આત્માને જુદા ન જાણવા! એટલે કે સર્વજ્ઞદેવ વીતરાગી પર્યાયવાળા પૂરણ પરમાત્મા છે અને હું પણ એવી સર્વજ્ઞ વીતરાગ પર્યાય પ્રગટ કરવાની તાકાતવાળો વીતરાગ સ્વરૂપી આત્મા છું અને એની પ્રતીતિ જ્ઞાન ને સ્થિરતા એ સર્વજ્ઞ વીતરાગી પર્યાય પ્રગટ કરવાનું સાધન મારામાં છે. વીતરાગભાવે જ્ઞાતાને જોવો-જાણવો એ જ મોક્ષનું સાધન છે. રાગવાળો છું કે મેં રાગ કર્યો-એ કાંઈ મોક્ષનું સાધન નથી.

વીતરાગ પરમાત્મા અને તારા સ્વભાવમાં-એમાં ફેર નથી. એ જ મોક્ષનું કારણ છે. એમાં ફેર ન પાડ તો મોક્ષનું કારણ છે, ફેર પાડ કે હું રાગવાળો છું ને કર્મવાળો છું તો એ મોક્ષનું કારણ નથી પણ એ બંધનું સાધન છે.

નિશ્ચયથી એમ જાણ એટલે કે સત્ય આમ જ છે—એમ જાણ. વિકલ્પનો કર્તા વીતરાગ પરમાત્મા નથી તેમ તું પણ નથી, સિદ્ધ ભગવાન નિમિત્તને મેળવતા નથી કે છોડતા નથી, જાણે છે તેમ તું પણ નિમિત્તને મેળવે કે છોડે એવું તારામાં નથી, તું તો જાણનાર દેખનાર છો! એવા જાણનાર-દેખનાર ભગવાન આત્માને સર્વજ્ઞદેવ જેવો જાણવો એ જ મોક્ષનું કારણ છે.

અરે! અનંતકાળથી ભૂલ્યો ભાઈ! અને હવે એ ભૂલ ભાંગવાના આ ટાણા આવ્યા ત્યાં આમ નહીં ને તેમ નહીં-એમ ઊંધાઈ કયાં કરવા બેઠો? ભાઈ! એ તને

નડશે હો! ખાવા ટાણે બીજી હોળી ક્યાં કરે છે?–ટાણું ગયા પછી ખાવાનું ઠરી જશે ને પછી તને ભાવશે નહીં. તેમ આ ભૂલ ભાંગવાના ટાણા આવ્યા છે હો! ટાણું ચૂકીશ નહીં બાપુ!

ભગવાન આત્માને પરમાત્મામાં કાંઈ આંતરો નથી. એની નાતનો હું છું એમ જાણ. સ્તુતિમાં પણ આવે છે કે હે તીર્થંકર દેવ! રાગને વિકારને ને સંયોગને મારા સ્વભાવમાં એકત્વ ન કરવા એ આપના કુળની રીત છે. આપે રાગને ને સંયોગને સ્વભાવમાં મેળવ્યા નથી અને અમે આપના ભગત છીએ માટે અમે પણ દયા–દાન–વ્રત ભક્તિના વિકલ્પને ને સંયોગને આત્મામાં નહીં આવવા દઈએ, એકપણે થવા નહીં દઈએ. પ્રભુ! અમે પણ આપના જેવા છીએ તો અમે એ રાગાદિને સ્વભાવમાં એકપણે કેમ થવા દઈએ?–એમ સ્તુતિમાં પણ આવે છે.

ભગવાન આત્મા કોણ છે? એની પર્યાય શું છે? અલ્પજ્ઞ પર્યાયની હદ શું છે? વિકારમાં સ્વરૂપની સ્થિતિ શું છે? એને જાણ્યા વિના આત્માનો પત્તો ક્યાંથી લાગે? ભાઈ! તારા સ્વરૂપની પૂરણતામાં અપૂરણતા કેમ કહેવી? તારા સ્વરૂપને વિકારવાળું કેમ કહેવું? તારા સ્વરૂપને સંયોગના સંબંધવાળું કેમ કહેવું? ભાઈ! સંબંધ વિનાનો, વિકાર વિનાનો, અલ્પજ્ઞતા વિનાનો તારો આત્માનો સ્વભાવ પરમાત્માના સ્વભાવ જેવો જ નિશ્ચયથી તું જાણ. એમ જાણતા તને વીતરાગતા પ્રગટ થશે ને વીતરાગતા પ્રગટ થતાં તને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે.

જેમ સિંહનું બચ્ચું પહેલેથી બકરાંના ટોળામાં ઉછર્યું હોય તેથી તે માને કે હું પણ આ બધા જેવો જ છું—બકરું છું; પણ જ્યાં બીજો મોટો સિંહ આવ્યો ને ત્રાડ પાડી ત્યારે બધાં બકરાં ભાગી ગયા તોપણ સિંહનું બચ્ચું ભાગ્યું નહીં. કેમ ન ભાગ્યું?—કે એ ત્રાડથી એને કોઈ ભય ન લાગ્યો માટે ન ભાગ્યું. ત્યારે સિંહ કહે કે તું મારી નાતનો છો, તારું મોઢું પાણીમાં જો, બકરાં જેવું નથી, મારી જેવું છે, તું સિંહ છો, બકરાના ટોળામાં તું ન હોઈ શકે, આવી જા મારી સાથે.

તેમ સર્વજ્ઞદેવ કહે છે કે તું રાગ ને દ્વેષ ને અજ્ઞાનમાં પડ્યો હોવાથી હું રાગી છું, હું સંસારી છું–એમ બકરાંનાં ટોળામાં સિંહના બચ્ચાની જેમ ભેળસેળ થઈ ગયો! હવે પરમાત્માની જ્યાં ત્રાડ પડી કે તું પરમાત્મા છો, મારી નાતનો ને જાતનો છો! તારી ચીજને તું જો તો ખરો! મારામાં પૂરણતા પ્રગટી એવી પૂરણતા પ્રગટાવવાની તારામાં તાકાત પડી છે કે નહિ! અંદર જો તો ખરો! કર્મ કર્મમાં રહ્યા, રાગ રાગમાં રહ્યો ને અલ્પજ્ઞતા પર્યાયમાં રહી, તારા પૂરણ સ્વરૂપમાં અલ્પજ્ઞતા, કર્મ કે વિકાર આવતા નથી.–એમ તું તને જો તો ખરો!

એક વિશ્વાસ દ્વારા જો તો ખરો કે પરમાત્મામાં ને મારામાં કાંઈ ફેર નથી.

આખો પરમાત્મા તારી પડખે ઊભો છે, તારે! બીજાની જરૂર શું છે? તું તારામાં ને પરમાત્મામાં ભેદ ન જાણ. આહાહા! ગજબ વાત કરી છે ને!

દશાશ્રીમાળી કરોડપતિને ત્યાં નાતનું જમણ હોય તેમાં ગરીબ દશાશ્રીમાળી વાણિયો જમવા બેસી જાય કે અમે એક જ નાતના છીએ. પરંતુ બંગલાવાળો વાઘરી જમવા નહિ જઈ શકે. એમ સિદ્ધ ભગવાનના મંડપમાં પેસી જનારા અમે આત્મા છીએ, દૂર આઘા ઊભા રહીએ એવા અમે નથી પણ એક નાતના, મંડપમાં અંદર પેસી જનારા આત્મા છીએ—એમ એકવાર તો નક્કી કર!

ભગવાન આત્મામાં ને સિદ્ધ પરમાત્મામાં કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખ તો સિદ્ધ થયા વિના નહીં રહે. માટે પરમાત્મામાં ને તારામાં કિંચિત્ ભેદ ન પાડ—એ જ મોક્ષનું સાધન છે. બીજું કોઈ મોક્ષનું સાધન છે નહિ—વિશેષ કહેવાશે.

(-ક્રમશઃ)

## ✻ અનુભૂતિના આનંદની અદ્‌ભુત દશા ✻

સ્વાનુભૂતિના કાળે અનંતગુણસાગર આત્મા પોતાના જ્ઞાન-આનંદ આદિ અનંતગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. આહાહા! ઇન્દ્રના ઇન્દ્રાસનમાં પણ જેની ગંધ નથી એવા આનંદથી રમતો પ્રગટ થાય છે. અનુભૂતિના આનંદની દશા કોઈ અદ્‌ભુત છે, વચનાતીત છે. આવી દશા પ્રગટ થતાં આખું જીવન પલટી જાય છે. રાગ અને કષાયના વેદનનું જીવન હતું તેનાથી રહિત ભગવાન આત્માના આનંદનું વેદન આવ્યું એ દશાનું જીવન અદ્‌ભુત છે. દુઃખની દશાનું જીવન હતું તે પલટીને આનંદ ને શાંતિનું જીવન થઈ જાય છે. આનંદમય અનુભૂતિમાં બાર અંગનો સાર આવી જાય છે. બાર અંગમાં પણ અનુભૂતિ કરવાનું કહ્યું છે ને! એ દશા કોઈ અદ્‌ભુત ચમત્કારિક દશા છે. ભગવાન આત્મા આનંદસાગર છે. સાગરમાં પાણીનો પાર નથી છતાં સાગરના બિંદુ અસંખ્ય માત્ર છે. અસંખ્ય જોજનનો સ્વયંભૂરમણસમુદ્ર છે, તેના બિંદુ પણ અસંખ્ય છે, અનંત ન હોય, પણ ભગવાન આત્મા તો અનંત અનંત અનંત આનંદનો સાગર છે. તેમાં જે લલચાયો છે તેને ઇન્દ્રના ઇન્દ્રાસનો લલચાવી શકતા નથી. એવો અદ્‌ભુત ચમત્કારિક આત્માના આનંદની અનુભૂતિનો સ્વાદ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# મોહી જીવની દશા....

[શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૦-૩-૬૬]

શ્રી પૂજ્યપાદસ્વામીરચિત આ ઇષ્ટોપદેશ છે. તેમાં સાતમી ગાથા ચાલે છેઃ—

મોહે આવૃત્ત જ્ઞાન જે, પામે નહીં નિજરૂપ,
કોદ્રવથી જે મત્ત જન, જાણે ન વસ્તુસ્વરૂપ. ૭.

ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ને આનંદસ્વરૂપ છે છતાં મોહકર્મના પાકને આધીન થયેલો આત્મા પોતાના ને પરના ભિન્ન ભિન્ન અસાધારણ સ્વભાવને જાણી શકતો નથી. જેમ દારૂના નશામાં દારૂડિયો માને સ્ત્રી કહે ને સ્ત્રીને મા કહે, તેમ ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન ને આનંદ હોવા છતાં પોતાનો અસાધારણ સ્વભાવ રાગમાં કે શરીરનાં નથી-એમ એની ભિન્નતા મોહના તાબે થયેલી દશા કરી શકતી નથી.

મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને લઈને, મોહકર્મના પાકને વશ થઈને, જાણવું....જાણવું.... જાણવું....જાણવું ને આનંદ....આનંદ....આનંદ....ને આનંદ જેનો અસાધારણ સ્વભાવ છે એવા પોતાને પરથી જુદો પાડી શકતો નથી. જેનો અસાધારણ સ્વભાવ દુઃખ છે એવા રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ તથા જેનો મૂળ સ્વભાવ જ્ઞાન છે પણ શરીરાદિને મારા માનવાનો જેનો સ્વભાવ નથી એવા આત્માને અજ્ઞાની મિથ્યાત્વને વશ થઈને જુદા પાડી શકતો નથી.

વિકારના ભાવ દુઃખરૂપ છે, તેનો અસાધારણ સ્વભાવ દુઃખ છે, તે વિકાર મારો સ્વભાવ નથી—એમ મિથ્યાદૃષ્ટિ અનાદિથી વિકારને ને આત્માને જુદા પાડી શકતો નથી. શરીર-વાણી-કુટુમ્બ-સ્ત્રી તો તદ્દન પર છે પણ મિથ્યા ભ્રમણાને લઈને અજ્ઞાની મૂઢ જીવ મોહને વશ થઈને એટલે કે સ્વભાવને તાબે થઈ જવાનું છોડી દઈને એ પૃથક્ પદાર્થો મારા છે, મને સગવડતાં આપનારા છે-એમ માને છે.

શરીર-સ્ત્રી-કુટુમ્બ કે મકાન આદિ આત્માને જ્ઞાન કરાવે કે આત્માને સુખ આપે એવો એનો સ્વભાવ નથી. છતાં અજ્ઞાની મિથ્યાત્વાને લાઈન મોહને વશ થઈને એ પર પદાર્થોનો સ્વભાવ મને સુખરૂપ છે, દુઃખરૂપ એવા પુણ્ય-પાપના ભાવ મને સુખરૂપ છે—એમ માને છે પણ પોતે આત્મા આનંદરૂપ છે એવું એને ભાન નથી.

તું કોણ? તારું કોણ? વિભાવ કોણ? ને સંયોગ કોણ?- એનું અજ્ઞાનીને ભાન નથી. પરંતુ જ્ઞાન દ્વારા જેણે આત્માને જાણ્યો છે ને. મોહને વશ થયો નથી એવો જ્ઞાની મારો આનંદ મારામાં છે એમ માને છે. પુણ્ય-પાપના ભાવ મને દુઃખરૂપ

છે, સુખરૂપ નથી, શરીરાદિ પર પદાર્થો મને સગવડતા આપનારા બિલકુલ નથી તેમ જ દુઃખ આપનારા બિલકુલ નથી—એમ જ્ઞાની માને છે.

આ તો ઇષ્ટોપદેશ છે. ઇષ્ટ–હિતકર ઉપદેશ શું છે?–કે જ્ઞાન ને આનંદના લક્ષણે આત્માને ઓળખવો એ હિતકર છે અને એ રીતે આત્માને ઓળખવાને બદલે પર પદાર્થ મને સુખરૂપ છે, શુભભાવ મને હિતકર છે એવું માનવું એ અહિતકર છે. પર પદાર્થ મને ઇષ્ટ-અનિષ્ટ છે કે શુભભાવ મને સુખરૂપ છે કે જાણવાને બદલે દુઃખરૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે—એમ વિપરીત માનવું એ અહિતકર છે—એમ આ ઉપદેશમાં કહે છે.

હવે દૃષ્ટાંત આપે છે કે ઊંચા કિંમતી મણિનો પ્રકાશ એકરૂપ હોવા છતાં તેના ઉપરની મલિનતાને લીધે–મળને લીધે એકરૂપતાની દ્વિવિધિતા પ્રકાશતી દેખાય છે. મળ સહિતનો મણિ વિવિધ પ્રકારે ભાસે છે, એકરૂપે પ્રતિભાસવાને બદલે મળના સંગે મણિ વિવિધ પ્રકારે ભાસે છે. સ્ફટિક રત્ન છે તે સ્વચ્છ છે છતાં કાળા–રાતા ફૂલના સંગે સ્ફટિકમાં કાળી–રાતી ઝાંય દેખાય છે. તેમ કર્મ સાથે સંબંધ કરવાથી ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ એકરૂપપણે દેખાવાના બદલે રાગ–દ્વેષ ને ભ્રમણાદિની વિવિધતારૂપે દેખાય છે. જ્ઞાનાનંદ સ્વરૂપ છું—એમ જોવાને બદલે કર્મના સંગમાં જોડાઈ ગયો હોવાથી તેને એકરૂપતા દેખાતી નથી. એમ કહીને કહે છે કે વાંક તારો છે, તું પરથી ભિન્ન અસંગ પદાર્થ છે, પણ તું પર પદાર્થનો સંગ કરે છો તેથી તારામાં જ્ઞાતાદૃષ્ટા ને આનંદની એકરૂપતા જોઈએ તે દેખાતી નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આત્મા તો અમૂર્ત છે, સ્પર્શ–રસ–ગંધ–વર્ણ વિનાનો અરૂપી વિજ્ઞાનઘન પ્રભુ છે ને કર્મ તો મૂર્ત છે, એ કર્મો દ્વારા આત્માનું હણાવું કેમ થાય છે?–તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે નશો ઉત્પન્ન કરનાર કોદ્રવ ખાવાથી જેને નશો ઉત્પન્ન થયો છે તે ઘટપટાદિના સ્વભાવને જાણતો નથી. તેમ અજ્ઞાની જીવ જાણનાર જ્ઞાનસ્વરૂપી આત્મા છે એમ સ્વભાવને નહીં જાણતો થકો રાગાદિ પર પદાર્થ મારા છે એવી માન્યતાથી પર પદાર્થને જોવે છે—એ જ એની મૂઢતા ને દુઃખનું કારણ છે.

ભગવાન આત્માને એનો જ્ઞાનસ્વભાવ અમૂર્ત છે છતાં પોતાને કારણે પોતાને ભૂલીને કર્મના ઉદયના સંગે જોડાઈ જઈને પોતે હણાઈ જાય છે. કર્મના લક્ષે ચઢેલો જીવ પોતાની નિર્મળ પર્યાયને ભૂલી જાય છે એટલે કે ભ્રમણાને ઊભી કરે છે અને તે જ ચાર ગતિમાં રખડવાનું કારણ છે.

ભગવાન આત્મા પોતાના આનંદના પાકને ભૂલી જઈને, મોહકર્મના ઉદયના પાકમાં જોડાઈને પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવને જાણતો નથી, વિકારીભાવ દુઃખરૂપ છે તેમ તેના ભાવને જાણતો નથી, શરીરાદિ પર પદાર્થ તેના લઈને ટકીને બદલી રહ્યા છે એમ તેના સ્વભાવને જાણતો નથી.

આત્માની ભ્રાંતિના ઉદયથી પોતાની નજર સ્વસન્મુખ ન કરતાં જે ચીજ ઉપેક્ષા કરવા લાયક છે તેની અપેક્ષામાં જોડાઈ જઈને પોતાનો ને પરનો વાસ્તવિક સ્વભાવ જીવ જાણી શકતો નથી. ૭.

આ જ અર્થની આચાર્યદેવ સ્પષ્ટતા કરે છે:—

તન, ધન, ઘર, સ્ત્રી, મિત્ર, અરિ, પુત્રાદિ સહુ અન્ય,
પરભાવોમાં મૂઢ જન, માને તેહ અન્ય. ૮.

શરીર જડ સ્વભાવને લઈને છે, આત્માને લઈને નથી. શરીર તો અચેતન સ્વભાવ છે ને તારો ચેતનસ્વભાવ છે. માટે અચેતન સ્વભાવથી પરની ક્રિયા ને દશા થતાં હું એને કરું છું; તે અન્ય સ્વભાવી ચીજ મને સુખરૂપ થાય એ માન્યતા દુઃખરૂપ છે. પોતાથી અનેરો સ્વભાવ હોવાને કરણે શરીર–જડ–માટી તારાથી જુદું છે. શરીરના પોતાના સ્વભાવથી તેમાં રોગ–નિરોગતા, હાલવું, ચાલવું છે. પરંતુ મૂઢ પ્રાણી મોહકર્મની જાળમાં ફસાઈને એટલે કે આત્મામાં રહીને નહીં પણ મોહમાં ફસાઈને તેને–શરીરને આત્મા સમાન માને છે.

શરીરને ઠીક હોય તો આપણને ઠીક પડે, મૂઢ છો, એને એક માને છો? શરીરમાં અનુકૂળતા ન હોય તો મને અનુકૂળતા નથી—એમ માનવું તેનો અર્થ જ એને એક માની રહ્યો છે. જે તારા સ્વભાવે નથી એવા શરીરાદિથી મને સુખ–દુઃખ છે અથવા એ મારા છે–એ તો તારી મૂઢ માન્યતા છે, કેમ કે શરીર ને આત્મા વચ્ચે સ્વભાવભેદ છે ને તું એને એક માને છો!–એ તારી મૂઢતા જ તને દુઃખનું કારણ છે.

એ રીતે મોટા મોટા બંગલા, ફરનીચર હોય—અરે! અહીં અમને તો એ ઘરવખરો જોઈને એમ વિચાર આવે છે કે એ જીવને આ બંગલા–ઘરવખરા છોડીને જતાં બહું આકરું પડશે! બાપુ! અન્ય સ્વભાવવાળી, અન્ય પર્યાયવાળી અન્ય વસ્તુનું તારે શું કરવું છે? ને શું માનવું છે. ભાઈ! મોહનીય કર્મની જાળમાં ફસાઈને અન્ય સ્વભાવવાળાને મારા માની રહ્યો છો!

ભાઈ! તારી જાત જુદી ને તેની જાત જુદી છે, તું ચૈતન્યઆનંદનો નાથ છો ને શરીરાદિ જડસ્વભાવી છે. એ બે સમાન શી રીતે થશે? એને મારા તું શી રીતે માની શકે છો? ઘર–મકાન આદિ પર સ્વભાવવાળી, પરકાર્યવાળી પર ચીજ છે તેને પોતાની માનવી એટલે કે બે એક છે એમ માનવું તેનો અર્થ બે સમાન છે—એમ માનવું–એ મોહની જાળમાં ફસાયેલ મૂઢ જીવની માન્યતા છે.

ઘરની જેમ ધન પણ અન્ય સ્વભાવવાળી ચીજ છે તેને અજ્ઞાની ૧૧મો પ્રાણ માને છે. અજ્ઞાની મોહમાં ફસાયેલો મૂઢ જીવ લક્ષ્મીને પોતાની માને છે ને એમ માનતો થકો મિથ્યાત્વને સેવીને દુઃખી થઈ રહ્યો છે, માટે તારું એ માનવું છોડી દે—એમ અહીં કહેવાય છે. વિશેષ કહેવાશે........ (–ક્રમશઃ)

# વ્રત-નિયમ-શીલ-તપ આદિ શુભ પરિણામ પણ બંધનું કારણ

[ શ્રી સમયસાર ગાથા-૧૫૪ ઉપર ૧૩મી વખતના પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી, તા. ૧૪-૧૧-૬૧ ]

હવે ફરીને પણ પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છેઃ—

પરમાર્થ બાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.

આ સમયસાર એટલે આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ આત્મલાભનું પુસ્તક છે. તેમાં અહીં કહે છે કે સમસ્ત કર્મનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ-તેરૂપ મોક્ષને આ જગતના કેટલાક જીવો ઇચ્છે તો છે. મોક્ષ એટલે શું?-કે સમસ્ત રાગ-દ્વેષથી રહિત થતાં-પુણ્યપાપના ભાવનો નાશ થતાં જે આત્મલાભ ઊપજે છે તે આત્મલાભસ્વરૂપ મોક્ષ છે. એ મોક્ષની આ જગતના કેટલાક જીવો ઈચ્છા તો કરે છે અને એ મોક્ષના કારણભૂત સામાયિકની પ્રતિજ્ઞા પણ લે છે.

સામાયિક એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર સામાયિક છે અને તે સામાયિક મોક્ષનું કારણ છે. નવતત્ત્વની શ્રદ્ધા કે દેવ-ગુરુની શ્રદ્ધા એ તો રાગ છે, સમ્યગ્દર્શન નથી. રાગ રહિત થઈને નિર્મળપણે પરિણમવું એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકરૂપ તે સામાયિક છે. શુભભાવનું ન થવું પણ શુદ્ધભાવનું થવું, પરમાર્થભૂત જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમવું, શુદ્ધ ચૈતન્યરૂપ દૃષ્ટિ આપીને અંદર અતીન્દ્રિય આનંદનો ચારો ચરે તે ચારિત્ર એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળું પરિણમન તે સામાયિક છે. એ સામાયિક સમયસાર સ્વરૂપ છે અને સાધુ થાય ત્યારે આવા સામાયિકની પ્રતિજ્ઞા પણ લે છે, તોપણ પુણ્ય-પાપના વિકલ્પોથી પાર ઉતરવાની નામર્દાઈ છે. જેનો અંત આવવો દૂર છે અર્થાત્ મહા પુરુષાર્થે જેનો અંત આવે છે એવા શુભાશુભના દુરંત કર્મચક્રને પાર ઉતરવા ક્લીબ નપુંસક-નામર્દાઈના લીધે જ્ઞાનના અનુભવમાત્ર જે સામાયિક તે સામાયિક-સ્વરૂપ આત્મસ્વભાવને પામતો નથી.

તેના પરિણામમાં અત્યંત સ્થૂળ સંકલેશ પરિણામ નથી, હિંસા-જૂઠું આદિના સ્થૂળ અશુભ પરિણામ હોતા નથી ને અત્યંત સ્થૂળ વિશુદ્ધ-પરિણામ એટલે કે દયા-દાન-વ્રત-તપ આદિના શુભ પરિણામ હોય છે તે જીવ પાપના પરિણામની નિવર્તે પણ શુભભાવના પરિણામ પ્રવર્તે છે. અહીં ઊંચા દ્રવ્યલિંગથી વાત લીધી છે. કહે છે કે આવું હોવા છતાં તે મિથ્યાદૃષ્ટિ છે, તેને ધર્મ હોતો નથી. કેમ કે પાપના

પરિણામથી નિવર્ત્યો ને અઠ્ઠાવીસ મૂળગુણ આદિ પાળ્યા માટે હળવો ફૂલ થઈ ગયો—એમ એનું લક્ષ સ્થૂળ પરિણામ ઉપર છે માટે તેને ધર્મ હોતો નથી.

કેટલાક જીવોને પુણ્યનો પક્ષ થાય ને સામાયિકની પ્રતિજ્ઞા પણ લે છતાં મોક્ષની ઇચ્છા કરવા છતાં, પુણ્યનો પક્ષપાત રહે છે તેથી તેને સંસાર ઊભો રહે છે. સ્થૂળ સંક્લેશ પરિણામરૂપ પાપને તો તે જીવ છોડે છે, પરંતુ સ્થૂલ વિશુદ્ધ પરિણામરૂપ શુભભાવ તો વર્તે છે તેથી શુભભાવથી સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા એટલે કે તેનું લક્ષ્ય બહુ સ્થૂલ હોવાથી એટલે કે તેનું લક્ષ્ય શુભભાવ હોવાથી શુભભાવથી સંતોષાઈ જતો હોવાથી સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતો નથી.

અંતર્દષ્ટિમાંથી વ્રત–તપ–જપ–ભક્તિના સ્થૂલ વિશુદ્ધ પરિણામની રુચિ છોડતો નથી. પાપના પરિણામ જેમ અનંતવાર થઈ ચૂકયા છે તેમ એવા શુભ પરિણામ પણ અનંતવાર થઈ ચૂકયા છે. તેમ છતાં કેટલાક જીવો અશુભથી તો નિવર્તે છે પણ શુભભાવમાં પ્રવર્તતો થકો તેનો પક્ષપાતી થયો થકો, અંતર્મુખ દૃષ્ટિ કરીને તેને મૂળથી ઉખેડતો નથી.

અજ્ઞાની મોક્ષ એટલે કે પૂર્ણાનંદની પ્રાપ્તિની ઇચ્છા કરવા છતાં શુભભાવની રુચિને મૂળમાંથી ઉખેડતો નથી. રાગના કણનો આશ્રય મૂળમાંથી ઉખેડતો નથી તેથી ચૈતન્યનું મૂળીયું તેના હાથમાં આવતું નથી. પુણ્ય પરિણામના પ્રેમનો આશ્રય ને રુચિ છોડીને સ્વભાવનો આશ્રય લેતો નથી. આ આત્મા વસ્તુ ને આ જ્ઞાનાદિ ગુણો–એવો જે સૂક્ષ્મ વિકલ્પ તેનો આશ્રય છોડતો નથી–મૂળથી ઉખેડતો નથી.

આ વસ્તુ છે તે પરિપૂર્ણ છે માટે તેની શક્તિઓ પણ પરિપૂર્ણ છે એવો જે અંતર્જલ્પ છે તેને પણ મૂળથી ઉખેડતો નથી. કારણ કે કેવળ અશુભકર્મને જ એટલે કે વિષય–કામ–ક્રોધ આદિને બંધનું કારણ જાણતો હોવાથી વ્રત–તપ–જપ આદિ બંધના કારણ હોવા છતાં અજ્ઞાનથી તેમને મોક્ષનું કારણ જાણીને અંગીકાર કરે છે. કેવળ અશુભકર્મને બંધનું કારણ જાણીને વ્રત–નિયમ–શીલ આદિની રુચિ ને આદરમાં પડયો છે.

ઘરમાં કરોડો રુપિયા હોવા છતાં મફત છાશ માગવા નીકળે અથવા તો કરોડોનો હીરો વેચીને છાશ લાવે કે બાજરામાં રાખ નાખવા સુખડના વનને બાળી નાખે, દોરા માટે હીરાનો હાર તોડી નાખે–તેમ પુણ્યના પરિણામની રુચિ આડે અજ્ઞાનપણે ભગવાન આત્માની રુચિ કરતો નથી. શું કરવા?–કે અજ્ઞાનને લઈને પોતે પોતાના કારણે અશુભને બંધનું કારણ જાણવા છતાં શુભને બંધનું કારણ ન જાણતાં મોક્ષનું કારણ માનતો થકો વ્રત–તપ–શીલ–નિયમને અંગીકાર કરે છે એટલે કે વ્રત–તપ આદિથી મને લાભ થશે એવી બહિર્મુખ રુચિથી તેમાં જ સંતોષાઈ જાય છે.

અહીં તો જે દિગંબર જૈન સંપ્રદાયમાં આવ્યો છે, અશુભ પરિણામ છોડીને જૈનનો દિગંબર સાધુ થયો છે ને દીક્ષા લેતી વખતે મોક્ષની ઇચ્છાથી સામાયિકની વીતરાગી વિજ્ઞાનદશાની પ્રતિજ્ઞા પણ લે છે છતાં પુણ્યના પક્ષપાતને લઈને વ્રત–તપ આદિ કરવા

છતાં મોક્ષને પામતો નથી તેમ કહે છે.

પાપના પરિણામ અત્યંત સ્થૂલ સંક્લેશ પરિણામ છે, દયા–દાન આદિ શુભભાવ અત્યંત સ્થૂલ વિશુદ્ધિ–શુભ પરિણામ છે અને એ બેથી રહિત આત્મસ્વભાવ અત્યંત સૂક્ષ્મ છે. એવા સૂક્ષ્મ આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહીં કરી શકવાથી, જૈનની દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લેવા છતાં સ્થૂલ લક્ષવાળા એવા અજ્ઞાની જીવો સ્થૂલ પરિણામોમાં—શુભ પરિણામમાં સંતોષાઈને, અશુભ પરિણામને બંધનું કારણ જાણીને છોડે છે તોપણ શુભપરિણામને બંધનું કારણ નહીં જાણતો થકો વ્રત-તપ-શીલ નિયમ આદિ શુભ પરિણામનો મોક્ષના કારણ તરીકે આશ્રય કરે છે.

એ રીતે વ્રત-નિયમ-શીલ-તપ આદિ શુભપરિણામ પક્ષપાતનો દોષ બતાવ્યો. * * *

## પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીને ભાવભરી શ્રદ્ધાંજલિ

મારા આત્માના આધાર, ગુરુજી, મારા આત્માના આધાર,
તારા વિરહે ઝુરી રહ્યા, ભારતના બાળ, ગુરુજી વહાલા અમોને, નોધારા મૂકીને ચાલીયા,

ક્યારે દેખું રે મૂર્તિ ઉપસમભરી, જાણે વીતરાગના નૂર,
અમૃત સુધારસ પાનાર ગુરુજી, ચાલ્યા ગયા અમથી દૂર..............ગુરુજી.

સ્વાનુભવના સ્વાદ કોણ ચખાડે, વીર હાક કોણ સુણાવે નાથ,
તારા વિરહે રે ભક્તો તુમારા, થઈ ગયા છે રે અનાથ...............ગુરુજી.

બાળુડા તારા ઝુરે દિન રાત, તેની દયા કરો ગુરુરાજ,
સ્વર્ગેથી સુણાવો પ્રભુજી, દિવ્ય ધ્વની ના નાદ. ...............ગુરુજી.

ભારત ભાનુ તારા વિરહે અમો રંક થયા દિન રાત,
અમ રંકપણું ટાળો પ્રભુજી, દર્શન દે જો દિનાનાથ. .............ગુરુજી.

અમ બાળકને મૂકી ચાલીયા, કોણ લેશે અમારી સંભાળ,
સ્વર્ગેથી પ્રભુ કૃપા કરીને, લે જો ભક્તોની સંભાળ ...............ગુરુજી.

આદિનાથ વિરહે પ્રભુજી, ભરતજી ધ્રુસકે રડી રહ્યા,
તમ વિરહે વ્હાલા ગુરુજી, ધ્રુસકે રડે ભારતના બાળ ...............ગુરુજી.

ગુરુજી તારી વિદાય વસમી લાગતી, ગયા અમારા તારણ હારજો,
અટુલા એકલા મૂકીને ચાલીયા, દયા કરી લેજો અમ સંભાળજો........ગુરુજી.

સ્વરૂપ મગ્ન સદ્ગુરુદેવ કહાન, તારા વિરહે ભારત સૂનુ રે થયું,
ભારત ભાનુ તારી વિદાય વસમી લાગે ઘણી.........................ગુરુજી.

કૃપા વરસાવી આપે જાણી, તેવી સદા વરસાવજો,
ભક્ત કહાનની ભક્તિ ભરી, શ્રદ્ધાંજલિ સ્વીકારજો...................ગુરુજી.

—કાનજીભાઈ જેઠાલાલ શાહ, વઢવાણ સીટી

# * વૈરાગ્ય અને પુરુષાર્થ-પ્રેરક પુરાણ પ્રસંગ *

## * સ્વના લક્ષે નિર્મોહી પરમાત્મા બનતાં નલિનકેતુ આદિ મોહાંધ જીવો *

પૂર્વ વિદેહક્ષેત્રમાં મંગળાવતી નામનો મનોહર દેશ છે. એ મંગળાવતી દેશ શ્રી જિનેન્દ્રદેવ તથા મુનિઓની વંદના યાત્રા પૂજા પ્રતિષ્ઠા આદિના સેંકડો ઉત્સવના ધર્મધ્યાનું કારણ હોવાથી એનું "મંગળાવતી" નામ સાર્થક છે. તેમાં ક્ષેમંકર નામના તીર્થંકર રાજ્ય કરે છે. એ ક્ષેમંકર તીર્થંકરને વજ્રાયુધ નામે (ભવિષ્યમાં થનાર તીર્થંકર શ્રી શાંતિનાથનો જીવ) ચક્રવર્તી પુત્ર છે.

એક વખત રાજા વજ્રાયુધ જ્યારે સભામાં સિંહાસન પર બિરાજમાન હતા અને એમના ઉપર સેવકો ચામર ઢાળતાં હતાં ત્યારે તે રાજા ઇંદ્ર જેવા લાગતા હતા. ચક્રવર્તી પોતાના તથા બીજાના કલ્યાણ માટે તથા મોક્ષ પ્રાપ્ત કરવા માટે સિંહાસન પર બિરાજમાન થઈ પોતાના ભાઈ–બન્ધુ, મિત્રો, રાજાઓ તથા સેવકોને સદા ધર્મોપદેશ આપતા હતા. એક દિવસ એક વિદ્યાધર ડરથી ગભરાતો દોડતો આવ્યો તથા પોતાની રક્ષા કરવા માટે ચક્રવર્તીનું શરણ માગ્યું. એની પાછળ પાછળ સભાભવનને કંપાવતી એક વિદ્યાધરી આવી. ક્રોધરૂપી અગ્નિથી તે બળી રહી હતી તથા હાથમાં ખુલી તલવાર લઈ વિદ્યાધરને મારવા ઇચ્છતી વતી. એ વિદ્યાધરીની પાછળ એક બૂઢો વિદ્યાધર આવ્યો. એના હાથમાં ગદા હતી. તે આ બન્નેના વૈરનો જાણકાર હતો. બૂઢો વિદ્યાધર વજ્રાયુદ્ધ રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે સ્વામિન્! તમે દુષ્ટોને દંડ દેવામાં તથા સજ્જનોને પાળવામાં ચતુર છો. દુષ્ટોને ઉચિત દંડ દેવો તથા સજ્જનોનું પાલન કરવું ક્ષત્રિયોનો ધર્મ છે અને આપ હમેંશા તે ધર્મનું પાલન કરો છો. તેથી તમારા જેવા ધર્માત્માએ દુષ્ટ વિદ્યાધરને અવશ્ય દંડ દેવો જોઈએ. કેમ કે તે અન્યાયી છે, પાપી છે. હે દેવ! એનું કારણ તમે જાણવા ઇચ્છતા હો તો હું કહું છું તે મન લગાવીને સાંભળો.

આ જમ્બૂદ્વીપ ધર્મનું સ્થાન છે તથા દેવ વિદ્યાધર તથા મનુષ્યોથી ભરેલો છે. એમાં એક કચ્છ નામનો મનોહર દેશ છે અને તેમાં એક વિજ્યાર્ધ પર્વત છે. એની ઉત્તરશ્રેણીના શુક્રપ્રભ નગરમાં પોતાના પૂર્વ સંચિત્ત ધર્મના પ્રભાવથી ઇંદ્રદત્ત નામનો વિદ્યાધર રાજ્ય કરતો હતો. એની યશોધરા નામની શુભ લક્ષણોવાળી રાણી હતી. એનો હું વાયુવેગ નામનો પુત્ર છું તથા બધા વિદ્યાધર મારી આજ્ઞા માને છે. તે જ શ્રેણીના કિન્નરગીત નામના નગરમાં ચિત્રચૂલ નામનો વિદ્યાધર રાજ્ય કરતો હતો, એની સુકાન્તા નામની પુત્રી હતી. સુકાન્તાનો વિવાહ વિધિપૂર્વક મારી સાથે થયો. એના ગર્ભથી આ શાન્તિમતી નામની શીલવતી પુત્રી ઉત્પન્ન થઈ છે. તે ધર્મ તથા ભોગની સિદ્ધિ માટે પૂજાની સામગ્રી લઈને મુનિસાગર પર્વત પર વિદ્યા સિદ્ધ કરવા ગઈ હતી.

જ્યારે વિદ્યા સાધી રહી હતી તે સમય આ દુષ્ટ કામાતુર પાપી તે વિદ્યા–સિદ્ધિમાં વિઘ્ન નાખવા આવ્યો. પરન્તુ પુણ્યકર્મોદયથી બધા કાર્યોને સિદ્ધ કરવાવાળી તથા સુખ દેવાવાળી સારભૂત તે વિદ્યા મારી આ પુત્રીને તે જ સમય પ્રાપ્ત થઈ ગઈ. વિદ્યાના ભયથી તે પાપી તમારા શરણમાં આવ્યો છે તથા ક્રોધથી મારી પુત્રી પણ તેને મારવા પાછળ પાછળ આવી છે. વિદ્યાની પૂજા–સામગ્રી લઈને જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યાં મારી પુત્રીને ન દેખાતાં આ જ માર્ગથી હું પણ એની પાછળ પાછળ અહીં આવ્યો છું. હે નાથ! આ રીતે મારી હકીકત તમને કહી બતાવી. હવે આપ આ દુષ્ટ માટે જે કાંઈ ઉચિત્ત સમજો તે કરો!

તેની આ વાત સાંભળીને તે અવધિજ્ઞાની ચક્રવર્તી મહારાજ કહેવા લાગ્યા કે વિદ્યા સિદ્ધ કરવામાં જે વિઘ્ન નાખ્યું હતું તે હું જાણું છું. હું મારા અવધિજ્ઞાનથી જાણીને તમને પહેલાં ભવની કથા કહું છું તે સાંભળો. આજ જમ્બૂદ્વીપના ઐરાવતક્ષેત્રમાં ગન્ધાર દેશનાં વિંધ્યપુરી નગરમાં વિંધ્યસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સારા લક્ષણોવાળી સુલક્ષણા નામની રાણી હતી. તે બન્નેનો નલિનકેતુ નામનો પુત્ર હતો. તે જ નગરમાં ધનદત્ત નામનો ધની વૈશ્ય રહેતો હતો. શ્રીદત્તા નામની તેની સ્ત્રી હતી. તે બન્નેનો સુદત્ત નામનો પુત્ર હતો તથા પ્રીતિંકરા નામની તેની સ્ત્રી હતી. તે સ્ત્રી રૂપ લાવણ્ય તથા ગુણોની નિધિ હતી. એક દિવસ પ્રીતિંકરા વનમાં ફરવા માટે ગઈ, ત્યાં રાજ્યપુત્ર નલિનકેતુની એના પર દૃષ્ટિ પડી તથા પાપકર્મના ઉદયથી એના પર કામાસક્ત થઈ ગયો. તે એના વગર રહી ન શક્યો તથા તે કામાગ્નિને સહન ન કરી શક્યો. તેથી તે મૂર્ખ ન્યાયમાર્ગનો ઉલ્લંઘન કરી બળજબરીથી એનું હરણ કરી લઈ ગયો. સ્ત્રીના વિયોગથી શેઠ સુદત્તનું હૃદય પણ શોકથી વ્યાકુળ થઈ ગયું તથા તે પોતાને પુણ્યહીન સમજીને પોતાની નિંદા કરવા લાગ્યો. મેં પહેલાં ભવમાં ન તો ધર્મનું પાલન કર્યું હતું, ન તપ કર્યું હતું ન ચારિત્રનું પાલન કર્યું હતું, ન દાન આપ્યું હતું, ન શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરી હતી, તેથી મારા પાપ–કર્મોદયથી મારી રૂપવતી સ્ત્રીનું રાજાએ જબર્જસ્તીથી હરણ કરી લીધું. સંસારમાં સુખ દેવાવાળા ઇષ્ટ પદાર્થોનો જે વિયોગ થાય છે તથા સ્ત્રી-પુત્ર-ધન આદિનો જે વિયોગ થાય છે તથા દુષ્ટ, શત્રુ, ચોર, રોગ, કલેશ, દુઃખ આદિ અનિષ્ટ પદાર્થોનો સંયોગ થાય છે તથા બીજા પણ જે અનિષ્ટ થાય છે તે બધાં પાપરૂપ શત્રુ દ્વારા કરેલા હોય છે. મનુષ્યને જ્યાં સુધી પહેલાં ભવમાં ઉપાર્જન થયેલાં અનેક દુઃખ દેવાવાળા પાપકર્મોનો ઉદય છે ત્યાં સુધી એને ઉત્તમ સુખ ક્યારેય નથી મળતું. પાપરૂપી શત્રુ જો ન હોય તો મુનિરાજ ઘર છોડીને વનમાં જઈને તપશ્ચરણરૂપી તલવારથી કોને મારે છે? સંસારમાં તે સુખી છે જેણે અલૌકિક સુખ પ્રાપ્ત કરવા માટે ચારિત્રરૂપી શસ્ત્રના પ્રહારથી પાપરૂપી મહાશત્રુને મારી નાખ્યો છે. માટે હું પણ સમ્યક્–ચારિત્રરૂપી ધનુષને લઈને ધ્યાનરૂપી બાણથી અનેક દુઃખોના સાગર પાપ-રૂપી શત્રુને નાશ કરીશ.

આ રીતે હૃદયમાં વિચાર કરી શેઠ ધનદત્ત કાળલબ્ધિ પ્રગટ થતાં સ્ત્રી, ભોગ, શરીર અને સંસારથી વિરક્ત થયો. ત્યારબાદ તે દીક્ષા લેવા માટે સુદત્ત નામક તીર્થંકર પાસે પહોંચ્યો તથા શોકાદિને છોડીને તપસ્યા કરવા તૈયાર થયો. સમસ્ત જીવોના હિત કરવાવાળા તિર્થંકર ભગવાનને નમસ્કાર કરી તેણે મુક્તિરૂપી સ્ત્રીને વશ કરવાવાળો સંયમ ધારણ કર્યો. તે વિરક્ત હોવાના કારણે, ઘણા દિવસ સુધી, શરીરને દુઃખ પહોંચાડવાવાળા કાર્યોત્સર્ગ આદિ અનેક પ્રકારની કઠિન તપસ્યા કરવા લાગ્યો. મોક્ષ પ્રાપ્ત કરવા માટે તે મુનિરાજે વિના કોઈ પ્રમાદે મરણ પર્યંત ધ્યાનનો અભ્યાસ કર્યો તથા ધર્મ-ધ્યાન કર્યું. અંતમાં તેમણે સન્યાસ ધારણ કરી મન શુદ્ધ કર્યું. બધી આરાધનાઓનું આરાધન કર્યું. હૃદયમાં શ્રી જિનેન્દ્રદેવને બિરાજમાન કર્યા તથા ઘણી જાગૃતિથી પ્રાણોનો ત્યાગ કર્યો. તેથી શેઠનો જીવ તે ચારિત્રરૂપી ધર્મના પ્રભાવથી ઈશાન સ્વર્ગમાં મોટી ઋદ્ધિને ધારણ કરવાવાળો દેવ થયો. તેનું એક સાગરનું આયુષ્ય હતું. ત્યાં દેવાંગઓની સાથે સુખ ભોગવતો અને અનેક પ્રકારની ક્રીડા કરતો હતો. તે દેવ સ્વર્ગલોક તથા મનુષ્ય-લોકની જિનપ્રતિમાઓની મોટી વિભૂતિથી પૂજા કરતો હતો.

એ જ જમ્બૂદ્વીપના સુકચ્છ દેશમાં શિખરો પર દેવિયોંના ભવનોથી શોભાયમાન વિજયાર્ધ પર્વત છે. એની ઉત્તર શ્રેણીના કાંચનતિલક નગરમાં પુણ્યકર્મોદયથી મહેન્દ્રવિક્રમ નામનો વિદ્યાધર રાજ્ય કરતો હતો. એની સુખ દેવાવાળી રાણીનું નામ અનલવેગા હતું. તે દેવ સ્વર્ગથી ચ્યવીને એને ત્યાં અજિતસેન નામનો પુત્ર થયો. અહીં રાજ-પુત્ર નલિનકેતુને પણ ઉલ્કાપાંત દેખીને વૈરાગ્ય થતાં આત્મજ્ઞાન પ્રાપ્ત થયું, તેણે પહેલાં જે દુશ્ચારિત્ર પાલન કર્યું હતું એની તે નિંદા કરવા લાગ્યો તથા હૃદયમાં પર-સ્ત્રી છોડવાનો સંકલ્પ કરી પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તે વિચાર કરવા લાગ્યો કે અરેરે ! હું બહુ પાપી છું, પર-સ્ત્રી ભોગી છું, લંપટી છું, અધમ છું, વિષયાન્ધ છું તથા સેંકડો અન્યાય કરવાવાળો છું. સ્ત્રીઓના શરીરમાં સારું શું છે? તે ચામડી, હાડકાં તથા આંતરડાઓનો સમૂહ છે. સંસારમાં જેટલા અમનોજ્ઞ પદાર્થ છે તે બધાંનો આધાર તથા વિષ્ટા આદિ દુર્ગંધમય ચીજોનું ઘર છે. આ શરીર સાત ધાતુથી બન્યું છે નિંદ્ય છે, દુર્ગન્ધમય છે, ઘૃણા કરવા યોગ્ય છે તથા એના નવ છિદ્રોથી સદા મળ-મૂત્ર વહ્યા કરે છે. સ્ત્રીનો દેહ કેવળ ગોરી ચામડીથી ઢંકાયેલો છે તથા ઉપરથી વસ્ત્રાભૂષણથી સુશોભિત છે. સ્ત્રીયોનું શરીર કરોડો કીડાથી ભરેલું છે તથા વિષ સમાન છે. સંસારમાં એવો કયો જ્ઞાની પુરુષ છે, જે એનું સેવન કરે? આ સ્ત્રી તો નરકરૂપી ઘરનો દરવાજો છે, તથા સ્વર્ગ મોક્ષ-રૂપી ઘર માટે અર્ગલ સમાન છે. આ સ્ત્રી બધા પાપોની ખાણ છે. ચંચળ હૃદયવાળી સ્ત્રી ધર્મરત્નોના ખજાનાને ચોરવા માટે ચોર છે. આ પાપિની મનુષ્યોનું ભક્ષણ કરવાવાળી દૃષ્ટિવિષ સર્પિણી સમાન છે. મૂર્ખ જીવો સ્ત્રીયોના સમાગમથી અનેક પાપોને પ્રતિદિન વ્યર્થ જ ઉપાર્જન કર્યા કરે છે. સંસારમાં કેટલા પુણ્યવાન જીવો

એવા છે જે પોતાની સ્રીને છોડીને સંયમ ધારણ કરે છે. પરન્તુ મારા જેવો નીચ કોણ હોય જે પરસ્રીને ઇચ્છે? આવી રીતે પોતાની નિંદા કરી પૂર્વોપાર્જિત પાપોને નષ્ટ કર્યું તથા પાપરૂપી વનને બાળવા અગ્નિ સમાન સંવેગને જોર આપ્યું.

ત્યારબાદ ચારિત્ર ધારણ કરવાની ઇચ્છા કરતો થકો તે રાજપુત્ર નલિનકેતુ તે સ્રી તથા રાજ્ય ભોગોને છોડીને સીમંકર મુનિ પાસે પહોંચ્યો. તેણે દુ:ખરૂપી દાવાનળને બુઝાવવા માટે વર્ષા સમાન તે મુનિરાજના બન્ને ચરણ–કમળમાં નમસ્કાર કર્યા તથા બાહ્ય, અભ્યન્તર પરિગ્રહને છોડીને દીક્ષા ધારણ કરતાં એનો સંવેગગુણ ખૂબ વધી ગયો. તેથી એણે ઘોર તપસ્યા કરી તથા સમસ્ત તત્ત્વોથી ભરેલા આગમનો ખૂબ અભ્યાસ કર્યો. નલિનકેતુ મુનિરાજ ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ પૃથકત્વવિતર્ક નામના શુકલધ્યાનરૂપી તલવારથી દુષ્ટ કષાયરૂપી દુશ્મનોને મારી તથા ત્રણે વેદોને નષ્ટ કર્યા તથા બીજા શુકલધ્યાનરૂપી વજ્રથી બાકીના ઘાતિકર્મરૂપી પર્વતને ચૂર–ચૂર કરી નાખ્યો તથા સાક્ષાત્ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ઇન્દ્રો આદિએ તે જ સમય આવીને એમની પૂજા કરી અને સુખના સાગર જિનરાજ અઘાતિયારૂપી દુશ્મનોને નષ્ટ કરી શાશ્વત મોક્ષપદમાં જઈ બિરાજિત થયા. પ્રીતિંકરાએ પણ પોતાના દુરાચારની નિંદા કરી અને મોક્ષની પ્રાપ્તિ માટે સંવેગ ધારણ કરી સુવ્રતા નામની અર્જિકા પાસે પહોંચી. એણે ઘર–સંબંધી બધા પરિગ્રહોનો ત્યાગ કરી સંયમ ધારણ કર્યો તથા કર્મરૂપી તરણાને બાળવાવાળી અગ્નિને શુદ્ધ કરવા માટે ચન્દ્રાયણ તપ કર્યું. અન્તમાં સન્યાસ ધારણ કરી વિધિપૂર્વક પ્રાણોનો ત્યાગ કર્યો તેથી તે પુણ્યથી અનેક સુખ તથા ગુણના સમુદ્ર એવા ઈશાન સ્વર્ગમાં ઉત્પન થઈ ત્યાંના દિવ્ય ભોગો ભોગવતી થકી આયુ પુરુ કરી ત્યાંથી ચ્યવીને શુભકર્મના ઉદયથી હવે તારી પુત્રી થઈ છે એટલે પૂર્વ જન્મના સ્નેહથી જેનું મન રાગથી આંધળું થઈ રહ્યું છે એવા આ અજિતસેને આ વિદ્યાધરીને જબર્જસ્તી વિકાર પેદા કરવાની કોશિશ કરી હતી. પહેલાં જન્મના સંસ્કારથી આ લોકમાં પણ જીવોના સ્નેહ, વેર, ગુણ, દોષ, રાગ, દ્વેષ આદિ બધા ચાલ્યા આવે છે—એમ સમજીને બુદ્ધિમાન પુરુષો શત્રુ માટે પણ કયારેય વિષાદ નથી કરતાં. માટે તું પણ વેરભાવને છોડી દે.

રાજા વજ્રાયુધના મુખથી પોતાના પહેલાં ભવનું વૃત્તાન્ત સાંભળીને તે શાન્તિમતિ વિદ્યાધરી સંસારથી ઉદાસ થઈ ગઈ. એણે પોતાના લગ્નની તૈયારીઓ છોડી દીધી તથા પિતા આદિ કુટુમ્બનો પણ ત્યાગ કરી, દેવો દ્વારા પૂજ્ય એવા ક્ષેમંકર તીર્થંકર પાસે પહોંચી. તે સતીએ શ્રી જિનેન્દ્રદેવની ત્રણ પ્રદક્ષિણા કરીને નમસ્કાર કર્યા તથા ધર્મામૃતનું પાન કરવા સભામાં બેઠી. તેણે પોતાના કાનો દ્વારા જન્મ–મરણ તથા બૂઢાપાની બળતરાં દૂર કરવાવાળા, આત્મરસ પ્રગટ કરવાવાળા તથા મુનિઓને સમજવા યોગ્ય તે તીર્થંકરના મુખરૂપી ચન્દ્રમાંથી ઝરતાં ધર્મામૃતરૂપી ઉત્તમ રસનું પાન કર્યું તથા અજર, અમર

થઈ ગયાનો સંતોષ ધારણ કર્યો. ત્યારબાદ તે સુલક્ષણા નામની ગુણશાલીની શ્રેષ્ઠ અર્જિકા પાસે પહોંચી તથા નમસ્કાર કરી મોક્ષ પ્રાપ્ત કરવા માટે એણે મોક્ષને વશ કરવાવાળું ચારિત્ર ધારણ કર્યું. તે શાન્તિમતિ વિદ્યાધરીએ એક સાડીના સિવાય અન્ય બાહ્ય પરિગ્રહોનો ત્યાગ કર્યો તથા મિથ્યાત્વ આદિ અન્તરંગ પરિગ્રહોનો ત્યાગ કર્યો. સંવેગ-ગુણથી સુખના સાગર કઠિન તપસ્યા કરી અને શાસ્ત્રોનો અભ્યાસ કરી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ ધારણ કરી. અન્તમાં ચાર પ્રકારના સન્યાસ ધારણ કર્યાં. એકાગ્રચિત્તથી ભગવાન શ્રી જિનેન્દ્રદેવનું સ્મરણ કર્યું. ભાવનાઓનું ચિંતવન કર્યું તથા સમાધિપૂર્વક પ્રાણોનો ત્યાગ કર્યો તથા સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીલિંગ નાશ કરી ધર્મના પ્રભાવથી તે ઈશાન સ્વર્ગમાં બહુ ઋદ્ધિને ધારણ કરવાવાળો દેવ થઈ. અવધિજ્ઞાનથી પોતાનો પહેલો ભવ જાણીને તે દેવ મુનિ તથા જિનપ્રિતમાની પૂજા કરવા પૃથ્વી પર આવ્યો. તે જ સમયે મુનિરાજ અજિતસેન (શાન્તિમતિને વિદ્યાસિદ્ધિમાં વિઘ્ન નાખતો હતો તે) અને વાયુવેગ (શાન્તિમતિના પિતા) ના દર્શન કર્યા. અતિશય વૈરાગ્યના કારણે ઘરનો ત્યાગ કરી સંયમ ધારણ કરવાથી તથા તપસ્યા અને ધ્યાનથી તે બન્નેને કેવળજ્ઞાનરૂપી નેત્ર પ્રાપ્ત થયા હતા તથા બન્નેને કેવળજ્ઞાન તે જ સમયે પ્રગટ થયું હતું. તે બન્ને સિંહાસન પર બિરાજિત હતા. એમનાં પર ચામર ઢળી રહ્યા હતા. ઘણા પ્રકારની વિભૂતિ ઉત્પન્ન થઈ હતી. પ્રાતિહાર્યોના વચ્ચે તે બિરાજમાન હતા. અસંખ્ય દેવગણ તેઓની સેવા કરી રહ્યા હતા. ચારો સંઘોથી તેઓ સુશોભિત હતા. સમસ્ત જીવોના હિત માટે તેઓ સદા તત્પર હતા. તેઓની અનેક રીતે મહિમા હતી, બધા ઈન્દ્રો ભેગા મળીને બન્ને જિન-રાજની પૂજા કરી રહ્યા હતા. અનન્ત સુખ એમને પ્રાપ્ત થઈ ગયું હતું તથા અનેક મુનિરાજ એમને વંદન કરી રહ્યા હતા. બન્નેના દર્શન કરી તે દેવ વિચારવા લાગ્યો, અહો, આશ્ચર્ય છે! ક્યાં તો ભયથી વ્યાકુલ વિષયાંધ વિદ્યાધર, અને ક્યાં તો દેવો દ્વારા પૂજિત ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ! ક્યાં તો મારા વૃદ્ધ પિતા અને ક્યાં તો બધા પદાર્થોને એક સાથે જોવાવાળા શ્રી કેવળી ભગવાન! સંસારમાં મોટા મોટા પુરુષોને પણ આશ્ચર્ય પમાડવા જેવી વાત છે. પહેલાં મુનિઓએ કહ્યું હતું કે જીવોમાં અનન્ત શક્તિ છે એ જૂઠું કેવી રીતે થઈ શકે? કેમ કે આ સમયે તે શક્તિ સાક્ષાત્ જોઈ. એ રીતે મનમાં ચિંતવન કરતાં કરતાં કેવળીની ત્રણ પ્રદક્ષિણા આપી મસ્તક ઝુકાવીને વંદન કર્યા તથા ગુણગાન ગાતા સ્તુતિ કરી તથા સ્વર્ગલોકના દ્રવ્યોથી ભક્તિપૂર્વક પૂજા કરી તથા આશ્ચર્યકારી ધર્મથી પ્રસન્ન થઈ તે સ્વર્ગલોકમાં ગયો.

એ રીતે, પર સ્ત્રી હરણ કરનાર મોહાંધ નલિનકેતુ એ જ ભવમાં સાદિ અનંત સુખને પામ્યા અને પૂર્વના સ્નેહના સંસ્કારને વશ શાંતિમતિ વિદ્યાધરી ઉપર કામાસક્ત થનાર અજિતસેન વિદ્યાધર તથા તેનું વેર લેવા ઉદ્યમી થયેલા શાંતિમતિના પિતા પણ શાશ્વત સુખને પામ્યા.—એ બધો અનંત શક્તિ સ્વરૂપ ચૈતન્યનો જ ચમત્કાર છે.

* * (શાંતિનાથ પુરાણમાંથી સારાંશ)

થઈ ગયાનો સંતોષ ધારણ કર્યો. ત્યારબાદ તે સુલક્ષણા નામની ગુણશાલીની શ્રેષ્ઠ અર્જિકા પાસે પહોંચી તથા નમસ્કાર કરી મોક્ષ પ્રાપ્ત કરવા માટે એણે મોક્ષને વશ કરવાવાળું ચારિત્ર ધારણ કર્યું. તે શાન્તિમતિ વિદ્યાધરીએ એક સાડીના સિવાય અન્ય બાહ્ય પરિગ્રહોનો ત્યાગ કર્યો તથા મિથ્યાત્વ આદિ અન્તરંગ પરિગ્રહોનો ત્યાગ કર્યો. સંવેગ-ગુણથી સુખના સાગર કઠિન તપસ્યા કરી અને શાસ્ત્રોનો અભ્યાસ કરી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ ધારણ કરી. અન્તમાં ચાર પ્રકારના સન્યાસ ધારણ કર્યા. એકાગ્રચિત્તથી ભગવાન શ્રી જિનેન્દ્રદેવનું સ્મરણ કર્યું. ભાવનાઓનું ચિંતવન કર્યું તથા સમાધિપૂર્વક પ્રાણોનો ત્યાગ કર્યો તથા સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીલિંગ નાશ કરી ધર્મના પ્રભાવથી તે ઈશાન સ્વર્ગમાં બહુ ઋદ્ધિને ધારણ કરવાવાળો દેવ થઈ. અવધિજ્ઞાનથી પોતાનો પહેલો ભવ જાણીને તે દેવ મુનિ તથા જિનપ્રિતમાની પૂજા કરવા પૃથ્વી પર આવ્યો. તે જ સમયે મુનિરાજ અજિતસેન (શાન્તિમતિને વિદ્યાસિદ્ધિમાં વિઘ્ન નાખતો હતો તે) અને વાયુવેગ (શાન્તિમતિના પિતા) ના દર્શન કર્યા. અતિશય વૈરાગ્યના કારણે ઘરનો ત્યાગ કરી સંયમ ધારણ કરવાથી તથા તપસ્યા અને ધ્યાનથી તે બન્નેને કેવળજ્ઞાનરૂપી નેત્ર પ્રાપ્ત થયા હતા તથા બન્નેને કેવળજ્ઞાન તે જ સમયે પ્રગટ થયું હતું. તે બન્ને સિંહાસન પર બિરાજિત હતા. એમનાં પર ચામર ઢળી રહ્યા હતા. ઘણા પ્રકારની વિભૂતિ ઉત્પન્ન થઈ હતી. પ્રાતિહાર્યોના વચ્ચે તે બિરાજમાન હતા. અસંખ્ય દેવગણ તેઓની સેવા કરી રહ્યા હતા. ચારો સંઘોથી તેઓ સુશોભિત હતા. સમસ્ત જીવોના હિત માટે તેઓ સદા તત્પર હતા. તેઓની અનેક રીતે મહિમા હતી, બધા ઈન્દ્રો ભેગા મળીને બન્ને જિન-રાજની પૂજા કરી રહ્યા હતા. અનન્ત સુખ એમને પ્રાપ્ત થઈ ગયું હતું તથા અનેક મુનિરાજ એમને વંદન કરી રહ્યા હતા. બન્નેના દર્શન કરી તે દેવ વિચારવા લાગ્યો, અહા, આશ્ચર્ય છે! ક્યાં તો ભયથી વ્યાકુલ વિષયાંધ વિદ્યાધર, અને ક્યાં તો દેવો દ્વારા પૂજિત ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ! ક્યાં તો મારા વૃદ્ધ પિતા અને ક્યાં તો બધા પદાર્થોને એક સાથે જોવાવાળા શ્રી કેવળી ભગવાન! સંસારમાં મોટા મોટા પુરુષોને પણ આશ્ચર્ય પમાડવા જેવી વાત છે. પહેલાં મુનિઓએ કહ્યું હતું કે જીવોમાં અનન્ત શક્તિ છે એ જૂઠું કેવી રીતે થઈ શકે? કેમ કે આ સમયે તે શક્તિ સાક્ષાત્ જોઈ. એ રીતે મનમાં ચિંતવન કરતાં કરતાં કેવળીની ત્રણ પ્રદક્ષિણા આપી મસ્તક જુકાવીને વંદન કર્યા તથા ગુણગાન ગાતા સ્તુતિ કરી તથા સ્વર્ગલોકના દ્રવ્યોથી ભક્તિપૂર્વક પૂજા કરી તથા આશ્ચર્યકારી ધર્મથી પ્રસન્ન થઈ તે સ્વર્ગલોકમાં ગયો.

એ રીતે, પર સ્ત્રી હરણ કરનાર મોહાંધ નલિનકેતુ એ જ ભવમાં સાદિ અનંત સુખને પામ્યા અને પૂર્વના સ્નેહના સંસ્કારને વશ શાંતિમતિ વિદ્યાધરી ઉપર કામાસક્ત થનાર અજિતસેન વિદ્યાધર તથા તેનું વેર લેવા ઉદ્યમી થયેલા શાંતિમતિના પિતા પણ શાશ્વત સુખને પામ્યા.—એ બધો અનંત શક્તિ સ્વરૂપ ચૈતન્યનો જ ચમત્કાર છે.

* * (શાંતિનાથ પુરાણમાંથી સારાંશ)

### પ્રથમ પુણ્યતિથિએ

# વહાલા ધર્મપિતાને શત-શત વંદન....

તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે,
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.

આપણા જીવનશિલ્પિ, ધર્મયુગ-પ્રવર્તક વહાલા ધર્મપિતા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિના પ્રથમ વાર્ષિક દિન નિમિત્તે સૌરાષ્ટ્રના દરેક ગામેથી તેમજ અમદાવાદ, સૂરત, પાલેજ, હિંમતનગર, મુંબઈ, સમ્બલપુર, દિલ્હી, જયપુર આદિ દેશભરના અનેક સ્થળેથી ભાવિક મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ તથા સમાધિસ્થળના દર્શનાર્થે સોનગઢ આવ્યા હતા.

આપણા પરમ-આધાર પૂજ્ય ગુરુદેવશ્રીની અણધારી અણકલ્પી વસમી વિદાયને કારતક વદ ૭ના રોજ એક વર્ષ વીતી ગયું. તેમ છતાં વહાલા ધર્મપિતાની વસમી વિદાયની વિરહ-વ્યથાને નહીં વીસરી શકતા ભક્તજનો પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તીર્થધામ સુવર્ણપુરી આવતાં કોઈ રેલ્વેસ્ટેશનમાં પગ મૂકતાં, કોઈ સ્વાધ્યાય મંદિરના સૂનાં સૂનાં ચોગાનમાં પ્રવેશતાં, કોઈ પૂજ્ય ગુરુદેવશ્રીના આહારના રસોડાના મકાનને બંધ દેખતાં, કોઈ પૂજ્યશ્રીના સાક્ષાત્ દર્શન ને શ્રવણ કરાવતાં ફિલ્મ તથા ટેપરેકોર્ડિંગ રૂમમાં આવીને, તો કોઈ ૪૪-૪૪ વર્ષો સુધી જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિવાસ કર્યો હતો એ સ્વાધ્યાય મંદિરના રૂમમાં જઈને ચોધાર આંસુઓથી ગુરુ-વિરહ-વ્યથા વ્યક્ત કરતાં હતાં. જેમણે આત્મા શબ્દ બોલતાં શીખવ્યો, જેમણે આપણને ભગવાન આત્મા છો એવી પ્રતીતિ કરાવી ને જેમણે ભગવાન થવાનો અતિ ગૂઢ માર્ગ આપણને બતાવ્યો —એવા મહા પરમોપકારી ધર્મપિતાની પ્રથમ પુણ્યતિથિ વખતે પણ જાણે કે આજે જ એ હૃદયવિહારક પ્રસંગ બની ગયો હોય એવો અનુભવ તેમના દાસાનુદાસ સર્વે ભક્તોને થઈ રહ્યો હતો.

જોકે આપણા જીવન-આધાર જીવનશિલ્પિ પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૬-૪૬ વર્ષ સુધી જે સિંહનાદ ગજાવ્યો હતો તે સિંહનાદ આજે પણ આપણને સાંભળવા મળી રહ્યો છે, તેમ જ તેઓશ્રીના જીવનના અનેક વિશેષ પ્રસંગોનું દર્શન કરાવતી ફિલ્મોને—જેવી કે બન્ને તીર્થયાત્રા, માનસ્થંભ તેમ જ પરમાગમ મંદિરની પ્રતિષ્ઠા, પૂજ્યશ્રીની દિનચર્યા તેમ જ નાઈરોબીમાં ઉજવાયેલ પંચકલ્યાણક પ્રતિષ્ઠા વખતના પ્રવચનો અને શ્રી

સમયસાર ગાથા ૩૨૦ ઉપરનું પ્રવચન આદિ ફિલ્મોને—ચિરકાળ સુધી સુરક્ષિત રાખવા માટે તેમજ દેશભરમાં ગામોગામ ને વિદેશમાં પણ તે જીવંત પ્રવચનોના પ્રચાર હેતુએ તે ફિલ્મોનું વીડીયો ટેઈપમાં સંકલન વહેલામાં વહેલી તકે થાય એવી લાગણી મુમુક્ષુ સમાજે પ્રથમ પુણ્યતિથી પ્રસંગે વ્યક્ત કરી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે દેશભરના વિભિન્ન સ્થાનોએથી આવેલા મુમુક્ષુઓને સોનગઢના સૂનાં સૂનાં ધામો દેખીને ઊંડી વ્યથા અનુભવાતી હતી, તોપણ રોજ બે વખત પૂજ્ય ગુરુદેવશ્રીની સિંહગર્જનાની ટેઈપ સાંભળીને, અમી-ઝરણું મળ્યા જેવું સમાધાન થતું હતું. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૪-૧૧-૮૧ થી તા. ૧૮-૧૧-૮૧ સુધી રાખવામાં આવેલ પાંચ-દિવસીય ધાર્મિક કાર્યક્રમ દ્વારા ભક્તજનોને અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્યનો લાભ પ્રાપ્ત થયો હતો.

ઉપરોક્ત પાંચ-દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં રોજ સવારે શ્રી પંચપરમેષ્ઠિ મંડલવિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના અણમૂલાં આધ્યાત્મિક પ્રવચનોનું ટેઈપ-રેકોર્ડેડ પ્રવચન, બપોરે વક્તાઓનું પ્રવચન, જિનેન્દ્રભક્તિ, સાંજે ગુરુના વિરહની વ્યથા વ્યક્ત કરતી હૃદયદ્રાવક ગુરુભક્તિ અને છેલ્લે ટેઈપ-રેકોર્ડ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનું અધ્યાત્મરસઝરતું પ્રવચન રાખવામાં આવ્યા હતા.

કારતક વદ સાતમના રોજ સમાધિદિને સવારે ગુરુદેવશ્રીની ભવ્ય મુખમુદ્રામયી છબી સમક્ષ ગુરુસ્તુતિ કરવામાં આવી હતી. ત્યાર બાદ શ્રી જિનેન્દ્રપૂજન કરીને, 'તું પરમાત્મા જ છો, તું જ પરમાત્મા છો, તારામાં ને પરમાત્મામાં કિંચિત્ ભેદ ન જાણ, તું જ પરમાત્મા છો.'—એવી સિંહગર્જના કરતું પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેઈપ-રેકોર્ડેડ પ્રવચન સાંભળીને ગદ્‌ગદ્‌ભાવે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારનું સૌ સ્મરણ કરતા હતા. પ્રવચન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના ઉપકાર-મહિમા તેમજ તેઓશ્રીની ગેરહાજરીની વ્યથાને વ્યક્ત કરતાં શ્રદ્ધાંજલિના ભાષણોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જોકે સમયનો અભાવ હોવાથી પોતાની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરવા ઇચ્છતા ઘણા ભક્તોને વક્તવ્ય રજુ કરવા મળેલ નહિ. તેમ છતાં પૂજ્ય શાંતાબેન, શ્રી લાલચંદભાઈ, શ્રી ખીમચંદભાઈ, ડૉ. હુકમચંદજી ભારિલ્લ, બ્ર. ચંદુભાઈ, શ્રી શશીભાઈ શેઠ તથા સંસ્થાના મંત્રી શ્રી ચીમનભાઈ મોદી વિગેરે એ સમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સૌ પ્રથમ ડૉ. હુકમચંદજી ભારિલ્લે પોતાના શ્રદ્ધાંજલિ ભાષણમાં કહ્યું હતું કે :-

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના વિયોગને એક વર્ષ થયું છતાં એમ લાગે છે કે જાણે

કાલની વાત હોય! એ દિવસો આપણી આંખો સામેથી દૂર થતા નથી કે જ્યારે પ્રતિદિન બે પ્રવચનો અને રાત્રિચર્ચા સાંભળવા મળતી હતી. આજે પણ હજારો મુમુક્ષુઓની સવાર પૂજ્ય ગુરુદેવશ્રીની ટેઈપ-વાણી સાંભળીને શરૂ થાય છે. શું આપણે કહી શકીયે છીએ કે પૂજ્ય ગુરુદેવ આપણી વચમાં નથી? જ્યારે તેઓ હતા ત્યારે એક હતા, આજે અનેકોના રૂપમાં લાખો લાખો મુમુક્ષુઓના હૃદયમાં વસી ગયા છે, આજે પણ આપણા હૃદયમાં વિદ્યમાન છે.

આજે સોનગઢ, કુંદકુંદ, પરમાગમ, સમયસાર, ક્રમબદ્ધપર્યાય એ પૂજ્ય કાનજી સ્વામીના નામ બની ગયા છે. કોઈ પૂજ્ય ગુરુદેવનું નામ લીધા વિના સમયસાર બોલે કે ક્રમબદ્ધપર્યાય બોલે કે કુંદકુંદાચાર્યદેવનો જય હો બોલે તો લોકો સમજી જશે કે તે સોનગઢીયો છે....

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનંત પરતંત્રતાની વાત, અરે! સિદ્ધભગવાનની પણ ગુલામીની વાત આપણામાંથી દૂર કરવા માટે ૪૫-૪૫ વર્ષ સુધી ડંકાની ચોટે દરેક દ્રવ્યની સ્વતંત્રતાની વાત કહી છે. ભગવાને ફરમાવેલી તેઓએ જે વાત કરી છે તેમાં સૌ પ્રથમ વાત એ છે કે તું પોતાના આત્માને ઓળખ, પોતાના આત્માને જાણ, તેમાં જ જામી જા—એનું નામ ધર્મ છે. એ સિવાય બીજો કોઈ ધર્મ નથી.....

તેઓશ્રી અંતિમ દિવસો સુધી આપણને તત્ત્વનો ઉપદેશ આપતા રહ્યા હતા, અને તે પણ સિંહગર્જના વડે. દિવ્યધ્વનિમાં ઉપદેશ કેવો હોય તેનો નમૂનો પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યવાણી હતી. આપણે સૌ એટલા ભાગ્યશાળી છીએ કે તેઓશ્રીને સાક્ષાત્ સાંભળ્યા હોવાથી તેઓશ્રીના ટેઈપ પ્રવચનો સાંભળતી વખતે તેઓશ્રીની મુદ્રાની ચેષ્ટાઓ પણ આપણને ખ્યાલમાં આવી શકે છે.....

પૂજ્ય ગુરુદેવશ્રીના વિયોગમાં આપણે સૌએ જે રીતે એક વર્ષ વીતાવ્યું છે તેના ઉપર આપણે સૌ દૃષ્ટિ નાખીએ કે વાસ્તવમાં આપણે તેઓશ્રીએ બતાવેલ માર્ગ ઉપર કેટલા ચાલીયે છીએ, કેટલું સમજી શક્યા છીએ, આપણા ભાવોમાં કેટલી પવિત્રા આવી શકી છે? એ જોઈને આપણે પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવેલા માર્ગ ઉપર ચાલીયે —એ જ તેઓશ્રી પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ છે. —શ્રદ્ધાંજલિ-ભાષણમાંથી.

ત્યારબાદ મુરબ્બીશ્રી ખીમચંદભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ અર્પતા કહ્યું હતું કે-

વિશ્વની મંગલ ચૈતન્ય જ્યોતિર્મય મહાવિભૂતિ, સિદ્ધપદ પ્રાપ્તિના પંથે વિચરનાર પરમ પાવન પથિક, દિવંગત પરમ કૃપાનિધાન પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના આત્માને એમના સમાધિદિનની પ્રથમ પુણ્યતિથિએ શતશત અભિવંદન.

હે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી! આપશ્રીનો પરમ પાવન આત્મા તો અજર-અમર, અવિનાશી પરમપારિણામિકભાવ ધ્રુવ છે. સકલ નિરાવરણ અખંડિત પ્રત્યક્ષ પ્રતિભાસમય વીતરાગી પરમ આત્મા સ્વરૂપ જ છે. પરન્તુ આ ભવની આ દેહની

અપેક્ષાએ આપનો જન્મ ઉમરાળામાં થયો તે ઉપરથી એમ સૂચન મળે છે કે આપશ્રી મહા વિદેહક્ષેત્રમાંથી શ્રી તીર્થંકર પરમ દેવાધિદેવ સીમંધરનાથની ૐકાર ધ્વનિ શ્રવણ કરીને અમ મુમુક્ષુઓના પરમ સદ્‌ભાગ્યે અહીં પધાર્યા અને આખાય ભારતમાં દિવ્યધ્વનિના રહસ્ય પ્રકાશક અધ્યાત્મ મસ્તીથી ભરપૂર મહા ચમત્કારી દિવ્ય સન્દેશાઓ દ્વારા શ્રી જિનેન્દ્રશાસનનો પ્રચાર–પ્રસાર અનેક પ્રકારે કર્યો અને અલ્પ ભવોમાં આપ સ્વયં દિવ્યધ્વનિ દ્વારા અનેક ભવ્ય જીવોના તારણહાર અવશ્ય બનશો જ. આપશ્રીનો જન્મ વૈશાખ સુદ બીજના મંગલમય દિને થયો એ ઉપરથી એમ સૂચન થયું છે કે આપશ્રીના અંતર આત્મામાં કલ્યાણ સ્વરૂપ સમ્યક્‌દર્શનનું બીજ તો રોપાયું છે જ અને અપૂર્વ ઉગ્ર પુરુષાર્થ દ્વારા અલ્પ ભવમાં આત્માની પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષનું મહા વૃક્ષ તે બીજમાંથી વૃદ્ધિ થશે જ અને તેની મહા મંગલકારી શીતલ છાયામાં અમને સૌને મહા વિશ્રાંતિ પ્રાપ્ત થશે જ. વળી સવર્ણપુરીમાં આપશ્રીએ પરિવર્તન કર્યું તેના ઉપરથી એ સૂચન મળે છે કે આપ સુવર્ણ સમાન પરમ શુદ્ધતાને તો પામશો જ અને આપશ્રીના અમૃતમય અપૂર્વ વીતરાગતા પોષક ચિન્તામણિ તુલ્ય પ્રવચનોનું ૪૫–૪૫ વર્ષો સુધી શાન્તચિત્તે એકાગ્રતાપૂર્વક શ્રવણ કર્યું તો તે દ્વારા અનેક ભવ્ય જીવોના હૃદય પરિવર્તન થયા અને તેઓ વીતરાગી શાસનનું અવિરતપણે અનુસરણ કરવા લાગ્યા. વળી વીતરાગ વીતરાગ સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુના આપે અપૂર્વ ગાણા ગાયા. અનુભવ મુદ્રિત ટંકણખાર જેવા શુદ્ધ સુવર્ણ સમાન જડ–ચેતનના કટકા કરનાર શુદ્ધ અને શુભનું નિર્મળ ભેદવિજ્ઞાન કરાવ્યું તે આપનો પરમ ઉપકાર છે. સુવર્ણપુરીમાંથી જિનેદ્ર શાસનનો ઉન્નત ધ્વજ ફરકાવી માત્ર ભારતમાં જ નહીં વિદેશમાં પણ અપૂર્વ પ્રભાવના કરી અને પરમ પ્રતાપી, પ્રભાવી, મહાપાવન શ્રી કુંદકુંદાચાર્ય આદિ મહાન સંતોએ જે વીતરાગી માર્ગનું પ્રવર્તન કર્યું તેમ જ તેઓશ્રીના રચિત પરમ અધ્યાત્મ શાસ્ત્રોમાં જે મહા કલ્યાણકારી પરમ નિધાનો ગુપ્ત પડ્યા હતાં તેનું આપશ્રીએ આપની અમોઘ આત્મસ્પર્શીવાણી દ્વારા ઉદ્‌ઘાટન કર્યું અને તેનું મંગલકારી રહસ્ય સમજાવ્યું તે આ પંચમકાળના અંત સુધી પ્રવર્તમાન રહેશે જ અને અનેક ભવ્ય જીવોના અંતરમાં તેનું પરિવહન થઈને આત્મસાધનામાં પરમ સહાયક બનશે જ એ માટે આપશ્રીનો પરમ પરમ ઉપકાર માનીએ છીએ....

વળી આપની સદેહે અનુપસ્થિતિ હોવા છતાં આપના વીતરાગતા પોષક અમૂલ્ય પ્રવચનો ટેપરેકોર્ડિંગ દ્વારા સંગ્રહ કરાયેલા છે તે આપશ્રીની અપૂર્વ દેન છે અને તે પ્રવચનોનું શ્રવણ કરતી વખતે આપશ્રીની ઉપસ્થિતિ અવિસ્મરણિય લાગે છે.

આપશ્રીના પરમ પરમ ઉપકારોનું શ્રવણ કરતાં આપશ્રીને અત્યંત ભક્તિભાવે શ્રદ્ધા સુમન–સમર્પીએ છીએ.... (શ્રદ્ધાંજલિના ભાષણમાંથી)

પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ અર્પતા પૂજ્ય શાંતાબેને કહ્યું હતું કેઃ—

**અહો! અહો! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુ કહાનનો.**

આજે પૂજ્ય ગુરુદેવે આપણા વચ્ચેથી વિદાય લીધી છે. આજે ભારતનો સૂર્ય અસ્ત થયો છે. આપણા હૃદયમાં એમ જ થાય છે કે જાણે ગુરુદેવે આજે જ વિદાય લીધી છે—એવું વેદન થાય છે. કારણ કે ગુરુદેવ આપણને દિવ્યનિધિ આપતા ગયા છે. એ દિવ્યનિધિનું આપણા આત્મામાં વારંવાર દિનરાત સ્મરણ રહ્યા કરે છે. એ દિવ્ય-નિધિ નિરાકુલતારૂપ છે, પરમ આનંદરૂપ છે. એવી દિવ્યનિધિ ગુરુદેવ આપણને દેતા ગયા છે. તે દિવ્યનિધિનું આરાધન કરતાં કરતાં ગુરુદેવનું સ્મરણ કોઈ રીતે આપણાથી ચૂકાઈ તેમ નથી. કોઈ રીતે આપણા હૃદયમાંથી ગુરુદેવનું વિસ્મરણ થાય એવું નથી. ગુરુદેવનું વિસ્મરણ ન થાય એ આપણા આત્માને લાભનું કારણ છે. કારણ કે ગુરુદેવે એમના આખા જીવનમાં તત્ત્વજ્ઞાનની કેવી આરાધના કરી, તત્ત્વજ્ઞાનનું કેવું સિંચન કર્યું, પોતે પોતાના આત્મામાં રત્નત્રયની કેવી સ્થાપના કરી અને ભવ્ય જીવોને કેટલું તત્ત્વ-જ્ઞાનનું સિંચન કરતા ગયા છે—એ બધું ગુરુદેવનું સ્મરણ રહેતા આપણા આત્મામાં એકદમ તર્યા કરે છે....

ગુરુદેવ! ગુરુદેવ તો મહાન મહાન રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થયા છે. ગુરુદેવ તો મહાન દિવ્યતાને પામ્યા છે....ત્યાં પણ ભગવાનની દિવ્યવાણી સાંભળતા હશે અને જે તત્ત્વજ્ઞાનની તેઓએ આરાધના કરી છે તે તત્ત્વજ્ઞાનની વિશેષ વિશેષ આરાધના ત્યાં કરતા હશે.

પૂજ્ય ગુરુદેવનો આપણા ઉપર પરમ પરમ ઉપકાર છે તે ઉપકાર કોઈ રીતે વિસ્મરણ થઈ શકે તેમ નથી. ગુરુદેવ આપણને જે તત્ત્વજ્ઞાન આપતા ગયા છે, જે દિવ્યનિધિ દેતા ગયા છે તેની આપણે ખૂબ આરાધના કરીને ગુરુદેવની સાથે ને સાથે આત્મસિદ્ધિની આરાધના કરી ને આત્મસિદ્ધિની પૂરણતાને પ્રાપ્ત કરીયે તે આપણી ભાવના છે અને પૂજ્ય ગુરુદેવના ચરણમાં વારંવાર નમસ્કાર કરીયે છીએ.

—શ્રદ્ધાંજલિ–ભાષણમાંથી.

પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ અર્પતા વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈએ કહ્યું હતું કેઃ-

આજનો દિવસ આપણા બધા માટે ઘણો ગમગીનીનો દિવસ છે. ઘણી દિલગિરી ઉત્પન્ન થાય એવો દિવસ આપણને યાદ આવે છે. આજથી બાર મહિના પહેલા આપણા ઉપકારી, આપણા તારણહાર, આપણા ઉદ્ધારક એવા પરમપૂજ્ય ગુરુદેવ મુંબઈમાં આત્મ-ધ્યાનમાં મગ્નતા પૂર્વક શુદ્ધ પરિણતિ દ્વારા શુદ્ધાનંદનું ભોજન કરતાં કરતાં સમાધિ-

મરણ પામ્યા. તેઓશ્રીનો જન્મ જાણે આપણને જગાડવા માટે જ થયો હોય એમ આપણને લાગી રહ્યું છે.

શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં તેનો અનુવાદ કરનાર જયચંદજી પંડિત ભાવાર્થમાં લખે છે કે પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિ કાળથી છે અને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી....અનાદિ કાળનો જે વ્યવહારનો પક્ષ હતો ને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નહોતો એટલી કબૂલાત તો આપણે કરવી જ પડશે. કેમ કે નહિંતર આપણી અહીં સ્થિતિ ન હોત.....

શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી એવા જીવોને—આસન્ન ભવ્ય જીવોને ને અતિ આસન્ન ભવ્ય જીવોને એ શુદ્ધનયનો પક્ષ આવે એટલે કે શુદ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય એને માટે શ્રીગુરુનો ઉપદેશ વિરલ છે, કયાંક કયાંક છે એમ જે લખ્યું છે ને ગુરુદેવશ્રીના પરિચયથી લાગ્યું કે આ શુદ્ધનયનો ઉપદેશ ભારતમાં કયાંય નહતો. એવા સમયે પૂજ્ય ગુરુદેવશ્રીએ શુદ્ધનયનો ઉપદેશ આપ્યો.

શુદ્ધનયનો ઉપદેશ જ્ઞાની કેમ આપે છે? શા માટે આપે છે? એનું કારણ આપતાં જયચંદજી પંડિત લખે છે કે શ્રીગુરુએ શુદ્ધાનયના ઉપદેશનું ફળ મોક્ષ જાણીને મુખ્યપણે અહીં—સમયસારમાં તેનો ઉપદેશ આપ્યો છે. શુદ્ધનયના ઉપદેશ વિના કોઈ પણ જીવને કદી શુદ્ધનયનો પક્ષ આવી શકતો નથી. તેથી શ્રીગુરુએ આપણા ઉપર ઉપકાર કરી આપણને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો જેથી કરીને જીવોને શુદ્ધનયનો પક્ષ આવે. શુદ્ધનયના પક્ષના બે અર્થ પૂજ્ય ગુરુદેવ ફરમાવતા હતા. એક તો નિશ્ચયથી શુદ્ધાત્માની અનુભૂતિ એટલે શુદ્ધનયનો પક્ષ કહેવાય અને બીજો ગુરુગમે શુદ્ધાત્માનો નિર્ણય કરીને મારો આત્મા આવો જ છે એમ નિર્ણય કરીને અનુભવ કરે તેને પણ શુદ્ધનયનો પક્ષ કહેવાય. એ પક્ષ આવવા માટે શુદ્ધનયનો ઉપદેશ જ હોઈ શકે. એવો અનાદિનો નિયમ છે કે શુદ્ધનયના ઉપદેશ વિના, શુદ્ધાત્માના ઉપદેશ વિના, શુદ્ધાત્માનું શું સ્વરૂપ છે એ ખ્યાલમાં આવી શકતું નથી. તેથી શ્રીગુરુએ શુદ્ધનયનું ફળ મોક્ષ જાણી તેનો ઉપદેશ પ્રધાનતાથી આપણને સૌને આપ્યો અને આપણે સૌ યથાશક્તિ શુદ્ધનયના ઉપદેશને ગ્રહણ કરીને તેઓશ્રીએ કહેલા માર્ગે ચાલીયે અને શીઘ્રથી શીઘ્ર આપણે સૌ ગુરુના શિષ્યો સાથે છસો આઠના એક એક ઝુમલામાં જ્યાં પૂજ્ય ગુરુદેવ બિરાજે એ સિદ્ધદશામાં જઈએ એવી આજના દિવસે મારી ભાવના.

—શ્રદ્ધાંજલિ-ભાષણમાંથી.

પૂજ્ય ગુરુદેવને શ્રદ્ધાંજલિ અર્પતા બ્ર. ચંદુભાઈએ કહ્યું હતું કેઃ—ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો પિંડ છે, એવું જેણે પોતાના જીવનમાં શ્રદ્ધા-જ્ઞાન ને અનુભૂતિભાવે વિકસાવેલું હતું અને ભક્તોને એ ભાન આપ્યું; ભક્તોને ભાન આપ્યું કે તું ભગવાન

છે. એ કૃપાળુ ગુરુદેવની પરમતા, પ્રભુતા, મહિમા આપણેથી શો ગાયો જાય? આપણી પાસે એના માટે શબ્દો નથી, ભાવોનું સંકલન નથી. પૂજ્ય ગુરુદેવશ્રીના વિરહમાં હૃદય રડે છે. પૂજ્ય બહેનશ્રી ફરમાવે છે કે ગુરુદેવના ઉપકારની વાત શું કરવી? આત્મા શબ્દ સાંભળવા મળ્યો હોય, આત્મા શબ્દ બોલતા શીખ્યા હોય તો પૂજ્ય ગુરુદેવશ્રીનો પ્રતાપ છે.

પૂજ્ય ગુરુદેશ્રીનો ઉપકાર! એ તો ઉપકારસાગર હતા. એ ઉપકારસાગરના મોજાઓ હિલોળાઓ એ કાંઈ ગણ્યા ગણાય? પૂજ્ય બહેનશ્રી ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવે આપણને વાડાના ખાડામાંથી –ગૃહીત મિથ્યાત્વમાંથી કાઢીને વીતરાગનો મહાવીર ભગવાનનો દિગમ્બર ધર્મ બતાવ્યો....

પૂજ્ય ગુરુદેવે ધર્મનો માર્ગ બતાવ્યો અને સાથે સાથે એ માર્ગની જે પ્રયોજનભૂત બાબતો છે—વસ્તુસ્વરૂપ, દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, શુદ્ધદ્રવ્યનું નિરૂપણ, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય—તે આપણને સમજાવી........ગુરુદેવે ભગવાન આત્મા બતાવ્યો કે તું ધ્રુવ સહજ જ્ઞાયકભાવ છો એ ધ્રુવ ઉત્પાદ–વ્યયમાં વીંટયેલો હોવા છતાં, નવતત્ત્વોમાં છુપાયેલો હોવા છતાં, આચાર્ય ભગવાને શુદ્ધનયનું વર્ણન કરતાં આચાર્ય ભગવાને કહ્યું કે એ નવતત્ત્વોમાં નવતત્ત્વોની પાછળ છૂપાયેલી એ જ્યોતિ નવતત્ત્વોના વર્ણન વગર એ શુદ્ધ ભગવાનના દર્શન થઈ શકતા નથી.

....તત્ત્વજ્ઞાનના અનેક પ્રકારો સાથે જો પૂજ્ય ગુરુદેવશ્રીનો મોટામાં મોટો ઉપકાર હોય તો એ ધ્રુવધામનો અચિંત્ય વૈભવ, અચિંત્ય વિભૂતિ, અચિંત્ય અજાયબીઓ ભરી છે તે આબાળ–ગોપાળ સર્વ જીવોને ગ્રહણ થાય એવી ગુરુદેવની વાણી સાંભળતાં અંદર જીવોને ઉમળકો આવી જાય ને જાણે પોતે તૃપ્ત તૃપ્ત થઈ ગયો હોય એમ ભગવાન આત્મા વિશ્વાસમાં આવે—એ ગુરુદેવનો ખાસ અસાધારણ ઉપકાર છે. પૂજ્ય ગુરુદેવે આપણને વર્ષો સુધી એ પરમ અમૃત પાયું, આપણે પરમ અમૃતનો લાભ પણ લીધો.

પદ્મનંદી આચાર્ય ફરમાવે છે કે ઋષભદેવ ભગવાનનો જીવ સર્વાર્થસિદ્ધિથી ભરતભૂમિમાં પધાર્યો ત્યારે ભારતવર્ષ ઝળહળ થઈ ગયું, આનંદ આનંદ થઈ ગયો. ભગવાન પોતાનો વૈભવ અહીં સાથે લઈને પધાર્યા ને સર્વાર્થસિદ્ધિ વિમાન ઝાંખુ–ઝાંખુ થઈ ગયું. એવી રીતે કૃપાળુ પૂજ્ય ગુરુદેવે પોતાના સ્વાનુભવ–વૈભવથી, અનુભૂતિની મધુરી વાણીથી ભારતવર્ષને ખાસ કરીને મુમુક્ષુ જીવોને આનંદિત કર્યા હતા. એ ગુરુદેવ તો તરણતારણહાર હતા. પરમ આધાર હતા પણ કરાળકાળે ગુરુદેવને આપણી પાસેથી ઝૂંટવી લીધા.....

પૂજ્ય ગુરુદેવે આપણને ઘણું આપ્યું છે, ઘણું આપી ગયા છે. જે આપ્યું છે એના બળે જ આપણે સાધવાનું છે. પૂજ્ય ગુરુદેવનો વિયોગ ને વિરહ સહન થતો નથી. ભક્તો આધાર–શરણ લેવા માંગે છે, આશ્વાસન લેવા માંગે છે તેથી બધા પૂજ્ય

બહેનશ્રી પાસે જાય છે. પૂજ્ય બહેનશ્રી ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવે એક સહજ જ્ઞાયકભાવનું આપણને આલંબન આપ્યું છે. એ જ્ઞાયકભાવ આપણા હૃદયમાં ઘૂંટાઈ ગયો છે માટે પૂજ્ય ગુરુદેવ આપણાથી જરાય છેટા નથી. પાંચ-પચ્ચીશ વર્ષનો વિરહ પડયો હોય તોપણ જ્ઞાયકભાવની આરાધનાથી આપણે ગુરુદેવની પાસે જ પહોંચી જવાના છીએ. પૂજ્ય ગુરુદેવ આપણા હૃદયમાંથી જરા પણ ખસ્યા નથી અને બહારના યોગમાં પણ ગુરુદેવનો યોગ મળી જાય એવો જ્ઞાયકમંત્ર ગુરુદેવ આપણને આપી ગયા છે.–એ સમાધાન ભક્તો ને મુમુક્ષુઓ પોતે પોતાના જીવનમાં ઉતારે....

પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર મહાન છે. પૂજ્ય ગુરુદેવનો જે ઉપકાર છે, તેઓશ્રી જે આપી ગયા છે તેનું વર્ણન તો કોઈ રીતે થઈ શકે તેમ નથી. તેમની યાદમાત્રથી હૃદય રડી રહ્યું છે. હે ગુરુદેવ! શુદ્ધાત્મ સામાન્ય તત્ત્વનું જોર સહજ જ્ઞાયકભાવનું જોર અમારા હૃદયમાં અધિક ને અધિક રહો ને આપ જે પંથે ગયા છો એ જ પંથે આપની પાછળ અમે આવીને આપના સમવસરણમાં પરમપદના ભાજન બનીયે એવી હું કૃપાળુ ગુરુદેવ પ્રત્યે પ્રાર્થના કરું છું.

—શ્રદ્ધાંજલિ-ભાષણમાંથી.

શ્રી શશિભાઈ શેઠે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર–મહિમાનું અને તેઓશ્રીએ પ્રરૂપેલા વીર શાસનને શોભાવવાની સર્વે મુમુક્ષુઓની–ખાસ કરીને વિદ્વાન વાંચનકારોની જવાબદારીનું સ્મરણ કરાવતું શ્રદ્ધાંજલિ વક્તવ્ય વ્યક્ત કર્યું હતું, જેની ઉપસ્થિતિ મુમુક્ષુ ભાઈ–બહેનોના હૃદયમાં ઊંડી છાપ પડી હતી. છેલ્લે આપણી સંસ્થાના મંત્રી શ્રી ચીમનભાઈ મોદીએ પૂજ્ય ગુરુદેવશ્રીના અસીમ–ઉપકાર–મહિમાને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને આ કાર્યક્રમ પૂરો કર્યો હતો.

ત્યાર બાદ જૈનપથ પ્રદર્શકના સંપાદક શ્રી રતનચંદજી ભારિલ્લે પૂજ્ય ગુરુદેવશ્રીની ગુણ–સ્તુતિ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરીને, માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોષીના સુહસ્તે જૈનપથ પ્રદર્શકના 'પૂજ્ય કાનજીસ્વામી સ્મૃતિ વિશેષાંક'ની પ્રકાશન–વિધિ કરાવી હતી.

—એ રીતે ઉપરોક્ત શ્રદ્ધાંજલિના કાર્યક્રમ બાદ બપોરના પ્રવચન પછી સમસ્ત મુમુક્ષુગણ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શને તેમના નિવાસસ્થાને ગયા હતા.

* આધ્યાત્મિકજ્ઞાન–વૈરાગ્ય પ્રાપ્તિના આ પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમ દરમિયાન રોજ સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીના વિરહની તેમ જ ગુણ–મહિમાની ભક્તિ સ્વાધ્યાય મંદિરમાં કરવામાં આવતી હતી. છેલ્લા બે દિવસો ઘાટકોપરની ભજન મંડળીએ ભક્તિ કરાવી હતી. તેમ જ પાંચે દિવસ બપોરના પ્રવચન બાદ પં. શ્રી હિંમતભાઈએ ભક્તિ કરાવી હતી.

❀ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન નિમિત્તે રાખવામાં આવેલ આ ધાર્મિક કાર્યક્રમમાં

ફિલ્મ દ્વારા સૌને પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરવાનો લાભ મળ્યો હતો.

* પાંચ દિવસના દરેક કાર્યક્રમોમાં મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશી નિયમિત રીતે હાજરી આપતા હતા. ૯૯ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ તેઓશ્રીની સમયસરની હાજરી મુમુક્ષુઓને પ્રેરણાદાયક બની રહી હતી.

* પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રાખવામાં આવેલ પંચપરમેષ્ઠિમંડલ-વિધાનપૂજાનો લાભ સ્વ. હરીલાલ જીવરાજ ભાયાણીના કુટુંબીજનોએ લીધો હતો. તે પહેલાં રાખવામાં આવેલ કારતક માસની અષ્ટાહ્નિકાની પૂજાનો લાભ સ્વ. કપૂરચંદ સુખલાલ નંદરબારવાળા વતી તેમના ધર્મપત્ની તારાબેને લીધો હતો.

* મુંબઈના ચારેય મંડળોમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સવારે જિનેન્દ્રપૂજન તથા સવાર-સાંજ વિશેષ કાર્યક્રમરૂપે વીડિયો ટેઈપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના નાઈરોબીના પ્રવચનો રાખવામાં આવેલ હતા. એ જ રીતે દરેક મુમુક્ષુ મંડળોમાં પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવેલ હતા.

# * તીર્થયાત્રા કે રોચક સંસ્મરણ *

– નેમીચન્દ પાટની, આગરા

## પુણ્ય ઔર પવિત્રતા કી મૂર્તિ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પુણ્ય વ પવિત્રતા કી સાક્ષાત્ મૂર્તિ થે। વે અપની ઔર જગત કે પ્રાણીમાત્ર કી આત્મા કો ભગવાનરૂપ મેં હી દેખતે થે। પ્રાયઃ વે કહા કરતે થે કિ સભી આત્માયેં ભગવાનસ્વરૂપ હી હૈં, માત્ર એકસમય કી પર્યાય મેં ભૂલ હૈ, નિજ કી પહચાન સે વહ ભી નિકલ જાયગી। આત્મા તો ત્રિકાલ શાશ્વત રહનેવાલા મહાપદાર્થ હૈ.... આદિ।

ઉસ મહાપુરુષ કે સાથ મહાભાગ્યોદય સે મુઝે તીર્થયાત્રા કરને વ યાત્રાસંઘ કા સંચાલન કરને કા અવસર દો બાર પ્રાપ્ત હુઆ।

યાત્રા મેં ઐસે અનેક પ્રસંગ બને કિ પ્રારમ્ભ મેં તો ઐસા લગતા થા કિ વહાં ન જાને ક્યા હો જાએગા? કિન્તુ જબ વહાં પૂજ્ય ગુરુદેવશ્રી કા પદાર્પણ હોતા તો વિરોધ કે નારે લગાને વાલે, કાલે ઝંડોં સે વિરોધ પ્રગટ કરનેવાલે વ માર-પીટ તક કો સન્નદ્ધ વ્યક્તિ ભી હમારે જુલૂસ મેં શામિલ હોકર ગુરુદેવશ્રી કી જય-જયકાર કરને લગતે થે। યહ ચમત્કાર દેખકર હમ લોગ દંગ રહ જાતે કિ યહ અચાનક ક્યા સે ક્યા હો ગયા?

જો વ્યક્તિ આને કે પૂર્વ વિરોધ મેં બકતે થે, ચિલ્લાતે થે, કિન્તુ ઉનકે સમક્ષ આને પર વિનમ્રભાવ સે ગદ્‌ગદ્ હોકર ગુરુદેવ કા પ્રવચન સુનતે, સિર હિલાતે ઔર ઉનસે પ્રેમ-પૂર્વક મિલતે; યહ સબ દેખકર ઐસા લગતા થા કિ યહ દૈવી-ચમત્કાર કે સમાન ન જાને ક્યા હો ગયા હૈ ? કિન્તુ ચમત્કાર કુછ નહીં થા, યહ તો ઉનકી આન્તરિક પવિત્રતા ઔર પુણ્ય–પ્રતાપ કા હી ફલ થા ।

જબ પૂજ્ય સ્વામીજી કા બુંદેલખંડ કે ક્ષેત્રોં કી યાત્રા કા કાર્યક્રમ બના, ઉસ સમય ઉસ ક્ષેત્ર મેં ડાકુઓં કા ઇતના ભયંકર આતંક થા કિ કોઈ ઉસ ક્ષેત્ર મેં જાને કી ભી હિમ્મત નહીં કરતા થા, ઉસ સમય ભી મુઝે ગુરુદેવશ્રી કે પુણ્ય–પ્રતાપ કા ઇતના અધિક ભરોસા થા કિ મૈંને સારી જિમ્મેદારી અપને માથે લેકર ઉસ સ્થિતિ મેં ભી પૂજ્ય ગુરુદેવશ્રી કે સાથ સારે સંઘ કો લેકર ઉસ ક્ષેત્ર કી યાત્રા કી । ગુરુદેવશ્રી કે પુણ્ય–પ્રતાપ સે પુલિસ કા ભી સારી યાત્રા મેં સક્રિય રૂપ સે સહયોગ રહા ઔર કિસી કા કુછ ભી બાલ બાંકા નહીં હુઆ ।

## હૃદય પરિવર્તન

સિરોહી ( મંડલાન્તર્ગત ) શિવગંજ કે નિકટ જાવાલ ગાંવ મેં જહાં એક પક્ષ ગુરુદેવ કે સ્વાગત મેં પલક પાંવડે બિછાયે થા, વહીં દૂસરા પક્ષ ઉપદ્રવ પર ઉતારૂ થા । યાત્રા સંઘ કી સૂક્ષ્મદૃષ્ટિ વ દૂરદર્શિતા સે જબ વહ અપની યોજના મેં સફલ નહીં હુઆ તો આક્રોશ મેં આકર યાત્રા સંઘ કે નિવાસ સ્થલ પર ઘાતક આક્રમણ કરને કે લિએ કિવાડ તોડને કા ભી દુઃસાહસ કરને લગા । યહ દેખકર અનુકૂલ પક્ષ ભી વહાં આ પહુંચા । દોનો પક્ષોં મેં ભયંકર સંઘર્ષ કી સ્થિતિ કો દેખકર ગુરુદેવશ્રી સે ન રહા ગયા ઔર વે સભી સંઘસ્થ લોગોં કી પ્રાર્થના કો ન માનકર ભી કિવાડ ખોલકર ઉપદ્રવકારિયોં કે બીચ જા પહુંચે ।

સબકા ધ્યાન ગુરુદેવશ્રી કી ઓર આકર્ષિત હુઆ । ઉસસમય ગુરુદેવશ્રી ને કહા કિ ‘ પરસ્પર મેં દ્વેષ મત કરો, હમ તો ચલે જાયેંગે, પરન્તુ દ્વેષ તુમ્હારા કાયમ રહ જાયગા ।’ વહ સુનકર વાતાવરણ શાંત હો ગયા । ગુરુદેવશ્રી ને સંઘ સહિત વહાં સે આબૂ કે લિએ પ્રસ્થાન કર દિયા; કિન્તુ આક્રામક બૈચેન હો ગયે, ઉનકા હૃદય આન્દોલિત હોને લાગા । વે પ્રશ્ચાત્તાપ કી આગ મેં જલને લગે થે । રાત્રિ મેં ઉન સબકી એક મીટિંગ હુઈ । પ્રાતઃ વિરોધી લોગ દો બસે ભરકર ગુરુદેવ સે પુનઃ વાપિસ પધારને કી પ્રાર્થના કરને આબૂ આયે ઔર અત્યન્ત સરલ સ્વભાવી ગુરુદેવ ને ઉનકી પ્રાર્થના સ્વીકાર કરલી ઔર પુનઃ ઉસ ગ્રામ મેં ગયે । વહાં સભી થે, ઉનકે ઉસ સ્વાગત કા અભૂતપૂર્વ અદ્વિતીય દૃશ્ય આજ ભી આંખોં કે સામને આ જાતા હૈ । હૃદય પરિવર્તન કી યહ અવિસ્મણીય ઘટના યાદ આતે હી રોમાંચ હો જાતા હૈ ।

## ઐસા થા ઉનકા સાધર્મી વાત્સલ્ય

બાત ઉદયપુર કી હૈ। જબ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીજી તીર્થયાત્રા કરતે હુએ જૈન સમાજ ઉદયપુર કે વિશેષ આગ્રહપૂર્ણ નિમંત્રણ પર ઉદયપુર પધારે તો સમસ્ત જૈન વ જૈનેતર સમાજ ને ઉનકા વિશાલ જુલૂસ નિકાલકર સ્વાગત કિયા, કિન્તુ ઉનકે વ્યક્તિત્વ વ ક્રાન્તિકારી વિચારોં સે અન્તવિરોધ રખનેવાલે કુછ દિગંબર જૈનોં ને ઉપદ્રવ કરને કી યોજના બનાઈ। શાસન કી ઓર સે પુલિસ કી સુવ્યવસ્થા કે કારણ ઉનકા કુછ વશ નહીં ચલા તો કુછ વિરોધિયોં ને એક જિનમંદિર કી છત પર સે પત્થર ફેંકને કા દુઃસાહસ કિયા, ઉસીસમય પુલિસ દ્વારા ઉન્હેં ગિરફ્તાર કર લિયા ગયા એવં પુલિસ–થાને મેં લે જાકર બન્દ કર દિયા।

જ્યોંહી યહ બાત ગુરુદેવશ્રી કો જ્ઞાત હુઈ તો ઉન્હોંને તુરન્ત આદેશ દિયા કિ ઉન્હેં અવિલંબ મુક્ત કિયા જાવે, વે સબ ભી તો અપને હી સાધર્મી ભાઈ હૈં; ઉનકે સાથ પુલિસ કા કોઈ ભી દુર્વ્યવહાર નહીં હોના ચાહિએ! પુલિસ–અધિકારી કિસી ભી હાલત મેં ઉન્હેં છોડને કો તૈયાર નહીં થે। કિન્તુ ગુરુદેવશ્રી કે આગ્રહ પર ઉન્હેં છોડના પડા। – ઐસા થા ઉનકા સાધર્મી વાત્સલ્ય।

ઉસકે બાદ જબ તક ગુરુદેવ વહાં રહે સભી વિરોધી લોગ ભી ઉન્હેં સુનને બરાબર આયે ઔર બડી હી શ્રદ્ધા, ભક્તિ વ પ્રેમ કે વાતાવરણ મેં ઉનકી વિદાઈ હુઈ।

## જહાં શૂલ ભી ફૂલ બન ગયે

પ્રસંગ દક્ષિણ ભારત કી યાત્રા કા હૈ। મદ્રાસ શહર મેં દિગંબરોં કી અપેક્ષા શ્વેતાંબર જૈનોં કી સંખ્યા બહુત અધિક હૈ। દિગંબરોં મેં ભી ઉસ સમય સચ્ચે તત્ત્વ સે પરિચિત તો માત્ર ૧૦–૧૫ પરિવાર હી થે, જિન્હોંને ગુરુદેવશ્રી કો આમંત્રિત કિયા થા। સંખ્યા કમ હોતે હુએ ભી ઉત્સાહ બહુત અધિક થા। સ્વાગત કી તૈયારિયાં હુઈ, ગુરુદેવ કી અગવાની મેં સ્વાગત જુલૂસ નિકાલા ગયા। ઉસ સમય ઈર્ષ્યા વ દ્વેષવશ તોડ–ફોડ મેં વિશ્વાસ રખનેવાલે કુછ શ્વેતાંબર ભાઈયોં ને સકડે બાજાર મેં ઘેરકર લાઠી બરસાને કા ષડયંત્ર રચા, કિન્તુ પુલિસ કી સતર્કતા ને ઉનકે ષડયંત્ર કો વિફલ કર દિયા। તથા ૧૫–૨૦ અપરાધી વ્યક્તિયોં કો થાને મેં ભી બંદ કર દિયા। કરુણા-મૂર્તિ ધર્મવાત્સલ્ય સે પૂરિત પૂજ્ય ગુરુદેવશ્રી કો પુલિસ દ્વારા જૈન ભાઈયોં કા બંદ કિયા જાના અચ્છા નહીં લગા। ઉન્હોંને આગ્રહ કરકે ઉન્હેં છુડાયા તથા સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરને કો કહા। ફલતઃ સંપૂર્ણ વાતાવરણ પ્રેમ વ શાંતિ મેં બદલ ગયા। વિરોધ કરનેવાલે સભી લોગ ગુરુદેવ કી શરણ મેં આયે, ક્ષમા યાચના કી વ ઉન્હીં મેં સે એક વ્યક્તિ ને મદ્રાસ પ્રવાસ કે પૂરે સમય તક અપને હી ઘર મેં ગુરુદેવશ્રી કો ઠહરાયા, ખૂબ આવભગત કી ઔર ભક્તિભાવપૂર્ણ અશ્રુપૂરિત નયનોં સે વિદાઈ દી।

## પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવશ્રીની પુણ્યસ્મૃતિ નિમિત્તે રાજકોટમાં આઠ દિવસ માટે

### આધ્યાત્મિક–શિબિરનું ભવ્ય આયોજન

તા. ૨૫–૧૨–૮૧ થી તા. ૧–૧–૮૨ સુધી રાજકોટમાં આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય–સ્મૃતિ નિમિત્તે રાખવામાં આવેલ આધ્યાત્મિક જ્ઞાન–વૈરાગ્યના આ શિબિરમાં સૌ મુમુક્ષુ ભાઈ–બહેનોને લાભ લેવા વિનંતી છે. શિબિરમાં ભાગ લેવા આવનાર મુમુક્ષુઓ માટે રહેવાની તેમ જ ભોજનની નિઃશુલ્ક, વ્યવસ્થા રાખવામાં આવી છે. સૌએ પોતાનું પાગરણ સાથે લાવવા વિનંતી છે.

આપને ત્યાંથી કેટલા મહેમાનો આવશે તે દસ દિવસ અગાઉ જણાવવા ખાસ વિનંતિ છે.

—પ્રમુખ,

રાજકોટ દિગંબર જૈન સંઘ

પંચનાથ પ્લોટ, રાજકોટ

* *

## સમાચારઃ—

* અધ્યાત્મતીર્થધામ સોનગઢમાં રાબેતા મુજબ સવારે શ્રી જિનેન્દ્ર પૂજન, ત્યારબાદ ૮ાા થી ૯ાા શ્રી સમયસાર ઉપર ૧૩ મી વખતના ૧૯૬૧ના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ–રેકોર્ડિંગ પ્રવચન, બપોરે ૩ થી ૪ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયાનું શ્રી સમયસાર ઉપર વાંચન બાદ જિનેન્દ્રભક્તિ તથા સાંજે ૭ થી ૮ શ્રી સમયસાર કળશટીકા ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું (૧૯૭૭નું) ટેપ–રેકોર્ડિંગ પ્રવચન.—એ રીતે કાર્યક્રમ ચાલી રહ્યો છે.

* પૂજ્ય શ્રી કાનજી સ્વામીની સ્મૃતિમાં અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશનની વિદિશા શાખાએ તા. ૧–૧૦–૮૧ થી ૨૪ દિવસ માટે 'ભગવાન શીતલનાથ મંગલ તીર્થયાત્રા'નું સ્પેશીયલ ટ્રેઈન દ્વારા આયોજન કર્યું હતું, જેનો લગભગ ૮૦૦ યાત્રિકોએ લાભ લીધો હતો. વિદિશાથી શરૂ થયેલી સ્પેશીયલ ટ્રેઈન દ્વારા શાશ્વત તીર્થધામ સમ્મેદશિખર, ભુવનેશ્વર, ખંડગિરિ, ઉદયગિરિ, જગન્નાથપુરી, કલકત્તા, ભાગલપુર, ચંપાપુર, ગુણાવા, નવાદા, પાવાપુરી, રાજગૃહી, કુંડલપુર, નાલંદા, આરા, પટના, બનારસ, ચંદ્રપુરી, સિંહપુરી, અયોધ્યા, સોનાગિરિ, આદિ અનેક સિદ્ધક્ષેત્રો તેમ જ અતિશય ક્ષેત્રોનો ભક્તિભાવ સહિત દર્શન–પૂજન કરવાનો યાત્રિકોને લાભ મળ્યો હતો. સંપૂર્ણ યાત્રા દરમિયાન બધાને ખૂબ ઉત્સાહ રહ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે યાત્રા આનંદ પૂર્વક પૂરી થઈ હતી.

* પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને તેમના નિવાસસ્થાને દશેરાના રોજ શ્રીમતી કૂંઢાબેન યશવંતરાવ માને (મરાઠી દિગંબર જૈન) એ રૂા. ૩૦૦૧)ના હીરાથી વધાવ્યા હતા. ધનતેરસના રોજ બોટાદ નિવાસી સ્વ. દૂધીબેન જેઠાલાલ સંઘજી શાહના પરિવારે રૂા. ૧૧૧૧૧)ના હીરાથી વધાવ્યા હતા.

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જેનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ તે 'શ્રી કાનજીસ્વામી દિગંબર જૈન વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ' ના હોલ તથા ૨૦ બ્લોકનું બાંધકામ ઘણું ખરું પૂરું થઈ ગયેલ છે. હવે દરેક બ્લોકમાં ઉત્તમ સગવડના સાધનો જેવા કે પંખા, પલંગ, ગાદલા, રસોડાને લગતા પ્રાઈમસ–વાસણ આદિ સાધનો માટે પ્રત્યેક બ્લોક દીઠ પાંચ હજાર રૂપિયાનો ખર્ચ થાય તેમ છે. તે માટે રૂપિયા એક હજારથી વધુ રકમ આપનાર દાતાનું નામ બોર્ડ ઉપર લખવાની યોજના ટ્રસ્ટે નક્કી કરી છે. તે મુજબ આ યોજનાનો લાભ લેનાર દાતારનું નામ બોર્ડ ઉપર લખવામાં આવશે.

—ચીમનલાલ હીંમતલાલ શાહ
પ્રમુખ,
શ્રી કાનજી સ્વામી દિ. જૈન વિશ્રાંતિ–ગૃહ ટ્રસ્ટ

## વૈરાગ્ય સમાચાર:—

❋ કલકત્તાનિવાસી રમાબેન નગીનદાસ ભાયાણી (વર્ષ–૪૮) તા. ૩–૧૦–૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ રાજકોટનિવાસી દીવાળીબેન સોમચંદભાઈ શાહ (વર્ષ–૯૪) તા. ૨૪–૧૦–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ અમરેલીનિવાસી અમૃતલાલ ધારશીભાઈ ખેતાણી (વર્ષ–૭૪) તા. ૬–૧૧–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ માટુંગાનિવાસી મહેન્દ્રભાઈ કૃષ્ણલાલ મોદી (બ્ર. કાંતાબેનના ભાણેજ) (વર્ષ–૩૭) તા. ૧–૧૧–૮૧ના રોજ પરદેશમાં સ્વર્ગવાસ પામેલ છે.

—સ્વર્ગસ્થ મુમુક્ષુઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નત્તિ પામે એ જ ભાવના.

❋ જુઓ! સંસારી જીવોનું પ્રવર્તન કેવું આશ્ચર્યકારક છે કે શરીર તો પ્રતિદિન જીરણ થતું જાય છે અને આશા જીરણ થતી નથી, ઘટતી નથી, પણ વધતી જાય છે, તથા આયુર્બલ તો ઘટતું જાય છે અને પાપ–કાર્યોમાં બુદ્ધિ વધતી જાય છે. મોહ તો સદા સ્ફૂરાયમાન હોય છે અને આ જીવ પોતાના હિત અથવા કલ્યાણ માર્ગમાં લાગતો નથી, આ અજ્ઞાનનું કેવું માહાત્મ્ય છે!

❋ પ્રભાતના સમયે જેના રાજ્યાભિષેકની શોભા દેખાય છે તે જ દિવસે તે જ રાજાની ચિતાનો ધૂમાડો દેખવામાં આવે છે—આવી સંસારની વિચિત્રતા છે.

( અનુસંધાન ટાઈટલ ૪થી ચાલુ )

| | |
|---|---|
| तीर्थंकर महावीर और सर्वोदय तीर्थ मराठी | ४-०० |
| तीर्थंकर महावीर ( पोकेट साइजमें ) | २-०० |
| पंडित टोडरमल शोध प्रबंधका सारांश | ०-२५ |
| मैं कौन हूँ ? | १-२५ |
| पं. टोडरमलका जीवन और साहित्य | ०-६५ |
| तीर्थंकर भगवान महावीर | ०-४० |
| युगपुरुष कानजीस्वामी | २-०० |
| भ. गोमटेश्वर बाहुबली | ०-४० |
| श्री महावीर वंदना | ०-५० |
| नयचक्र | १५-०० |
| निमित्त-नैमित्तिक सम्बन्ध क्या है ? | ०-१५ |
| अर्चना ( पूजन संग्रह ) | ०-४० |
| बालबोध पाठमाला भा. १ | ०-५० |
| ,, ,, ,, २ | ०-८५ |
| ,, ,, ,, ३ | ०-८५ |
| वीतराग विज्ञान पाठमाला भाग १ | ०-७० |
| ,, ,, ,, ,, २ | १-०० |
| ,, ,, ,, ,, ३ | १-०० |
| तत्त्वज्ञान पाठमाला भाग १ | १-२५ |
| तत्त्वज्ञान पाठमाला भाग २ | १-४० |
| मैं ज्ञानानन्द स्वभावी हूँ ( कैलेन्डर ) | ०-५० |
| सत्यकी खोज ( कथानक ) भाग १ | २-०० |
| ,, ,, ,, भाग २ | २-५० |
| जैन बालपोथी ( मराठी ) | ०-७५ |
| क्रमबद्धपर्याय | ४-५० |
| भरत बाहुबली नाटक | १-०० |
| सत्यकी खोज भ. १-२ ( कम्बाईन्ड ) | ४-०० |
| चैतन्यचमत्कार | १-०० |
| अनित्य भावना | १-०० |

## श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट भावनगर

द्वारा प्रकाशित

| | |
|---|---|
| श्री समयसार हिन्दी | १४-०० |
| प्रवचनसार ( अमृतचन्द्राचार्य तथा जयसेनाचार्यकी टीका सहित ) | १२-५० |
| पंचास्तिकाय संग्रह | ७-५० |
| बृहद् द्रव्यसंग्रह | ८-०० |
| समयसार कलश-टीका | ६-५० |

## —: आवश्यक सूचना :—

(१) पुस्तकें मँगवानेवालेको मूल्यके अलावा पोस्टेज, पेकिंग तथा रेलवे चार्ज आदि अलग देना होगा।

(२) ऑर्डरके साथ ही ड्राफ्ट अथवा मनीऑर्डर द्वारा रुपये भिजवायें।

(३) ऑर्डरके साथ यदि ड्राफ्ट या मनीऑर्डर नहीं आया तो पुस्तकें वी. पी. द्वारा भेजी जायेंगी, जिससे आपको अधिक खर्च आयेगा।

—: प्राप्तिस्थान :—

१. **श्री दि. जैन स्वाध्यायमन्दिर ट्रस्ट**
सोनगढ ( सौराष्ट्र ), पीन ३६४२५०

२. **श्री टोडरमल स्मारक भवन**
ए-४, बापूनगर, जयपुर-४ ( राज० ), पीन ३०२०१५

३. **श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट**
५८८, सर पट्टणी रोड लोढावालाकी चाल, भावनगर ( सौराष्ट्र ), पीन ३६४००२

# वीतरागी हिन्दी साहित्य

**प्रकाशक : श्री दि. जैन स्वाध्यायमंदिर ट्रस्ट, सोनगढ**

| | |
|---|---|
| नियमसार (गाथा टीका) | ७-५० |
| कार्तिकेय अनुप्रेक्षा | ६-५० |
| मोक्षमार्ग प्रकाशक | ७-०० |
| द्रव्य-संग्रह | २-०० |
| समयसार प्रवचन भा. १ | ६-०० |
| ,, ,, ,, २ | ७-०० |
| ,, ,, ,, ३ | ७-०० |
| ,, ,, ,, ४ | ८-०० |
| लघु जैन सिद्धान्त प्रवेशिका अंग्रेजी | ०-७५ |
| अहिंसा परमो धर्मः | ०-५० |
| जैन सिद्धान्त प्रश्नोत्तरमाला भाग-१ | १-५० |
| ,, ,, ,, २ | १-५० |
| ,, ,, ,, ३ | १-५० |
| जैन बालपोथी भाग-१ | १-०० |
| जैन बालपोथी भाग-२ | ०-६० |
| सन्मति संदेश विशेषांक | ०-५० |
| तीर्थंकर भगवान महावीर अंग्रेजी | ०-५० |
| बहिनश्रीके वचनामृत | ३-०० |
| जैन तत्त्व मीमांसा | ६-०० |
| छहढाला (सचित्र) | प्रेसमें |
| वीतराग विज्ञान छहढाला प्रवचन भा. १ | २-७५ |
| वीतराग विज्ञान छहढाला प्रवचन भा. २ | १-७५ |
| ,, ,, ,, ,, ,, ३ | ३-०० |
| धर्मकी क्रिया | २-०० |
| बृहद् तीन बत्तीसी | ३-०० |
| वीतरागविज्ञान जैन प्रश्नोत्तरमाला | १-०० |
| अष्टप्रवचन (२) | १-५० |
| नाटक समयसार | ७-५० |
| भेद-विज्ञानसार | २-५० |
| धर्मके दसलक्षण | ५-०० |
| भगवान महावीर | ०-१० |
| जैन बालपोथी (अंग्रेजी) | प्रेसमें |
| समाधितंत्री गुटका | ०-५५ |
| ऋषभदेव स्तोत्र | ०-४० |
| शब्द कोष | ०-६५ |
| दशलक्षण धर्म विधान पूजा | १-२५ |
| पंच परमेष्ठी विधान पूजा | १-०० |
| ज्ञानस्वभाव ज्ञेयस्वभाव | ४-०० |
| दशलक्षण धर्म प्रवचन | ०-७५ |
| पुरुषार्थसिद्धि उपाय | ५-०० |

**पंडित टोडरमल स्मारक भवन ट्रस्ट, जयपुर**
द्वारा प्रकाशितः—

| | |
|---|---|
| तीर्थंकर महावीर और उनका सर्वोदय तीर्थ | ६-०० |

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર * પ્રત : ૩૦૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, PIN : 364 250
મુદ્રક : અજિત મુદ્રણાલય [વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦]